Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां प्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुन्धेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
' आत्मानन्द प्रकाश ' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ वैशाक आत्म सं. २६ | अंक १० मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ ભિન્ન અપેક્ષાગત જ્ઞાનત્રય સ્વરૂપ. | ૨૩૭ | ૬ આધુનિક કથા સાહિત્ય. ... ... | ૨૫૨ |
| ૨ શાસનપ્રેમી સાધુ સાધ્વી તથા શ્રાવક શ્રાવિકાની કંઇક કર્તવ્ય દિશા... | ૨૩૮ | ૭ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું જીવનવૃત્તાંત. | ૨૫૬ |
| ૩ શ્રાવકની કરણીનું રહસ્ય... ... | ૨૩૯ | ૮ ગ્રંથાવલોકન. ... ... ... | ૨૫૯ |
| ૪ ઐતિહાસિક સ્વાધ્યાય. ... ... | ૨૪૩ | ૯ વર્તમાન સમાચાર. ... ... | ૨૬૦ |
| ૫ દઢ પ્રચ્છા–શક્તિ... ... ... | ૨૪૬ | ૧૦ પ્રકીર્ણ. ... ... ... ... | ૨૬૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

## શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સુચના.

અમારા માનવંતા ગ્રાહકોને આ ઓગણીશમા વર્ષની ભેટ તરીકે એક બોધદાયક ગ્રંથ ભેટ આપવા માટે છપાય છે. દરવર્ષે નિયમિત ભેટ આપવાનો અમારોજ ક્રમ છે તે અમારા ગ્રાહકોના લક્ષમાંજ છે. કેટલાક વખતથી પોસ્ટ ખાતામાં વેલ્યુપેબલનો ચાર્જ વધ્યો છે, પ્રથમ અત્રે બે આના વી૦ પી૦ ની ફીની ટીકીટો ચોડ્યા છતાં બે આના વી૦ પી૦ લેનાર ( સ્વીકારનાર ) ની પાસેથી પણ પોસ્ટ ખાતા તરફથી વધારે લેવાય છે. ( બુકના વજન ઉપરનો દર પણ જુદોજ છે. ભેટની બુક વી૦ પી૦ થી મોકલતાં આવી રીતે વધારે ખર્ચ આવે છે, તેથી જે ગ્રાહક મહાશય આ વર્ષનું લવાજમ મનીઓડરથી કે બીજી રીતે પ્રથમ મોકલી આપશે તેમને ભેટનો ગ્રંથ બુકપોસ્ટથીજ મોકલવામાં આવશે. જેથી તેમને ચાર આનો લાભ થશે. પ્રથમથી લવાજમ નહીં મોકલનાર બંધુઓને વી૦ પી૦ મોકલવામાં આવશે.

પ્રથમ લવાજમ મોકલનાર બંધુએ રૂા. ૧–૪–૦ લવાજમ અને બુકપોસ્ટના રૂા. ૦–૨–૦ મળી રૂ. ૧–૬–૦ મોકલવા તસ્દી લેવી અને જે બંધુઓને વી૦ પી૦ થી મોકલવામાં આવશે તેમને ઉપર પ્રમાણે લવાજમના અને વી૦ પી૦ ચાર્જના મળી રૂા. ૧–૧૦–૦ નું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે. બુક ઘણી મોટી હોવાથી પોસ્ટનો ચાર્જ સહેજ વધારે આવશે.

જે બંધુઓને વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને પ્રથમથી લખી જણાવવું જેથી પોસ્ટ ખાતાને અને અમોને નકામી મેહેનત પડે નહીં.

---


જલદી મંગાવો. ઘણીજ થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

### જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે પ્રકરણોના ત્રણ ગ્રંથો જે મૂલ તથા અવચૂરિ સંસ્કૃતમાં અને ભાષાંતર ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રકરણ પ્રથમ ચલાવવામાં આવે છે તે **૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ** તે આ ત્રણે ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે. તેને માટે વધારે લખવા કરતાં મંગાવી જોવાથી વધારે ખાત્રી થાય તેમ છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( બહુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઇનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ–પાકી કપડાની બાઇંડીંગ રૂા. ૦–૮–૦ આઠ આના.
કાચું બાઇંડીંગ માત્ર રૂા. ૦–૬–૦ છ આના.

૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઇંડીંગની માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના.

૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઇંડીંગના માત્ર રૂા.૦–૫–૦ પાંચ આના (પો. જુદું.)

ઘણીજ થોડી નકલો સીલીકે છે જેથી અમારે ત્યાંથી જલદીથી મંગાવશો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ वैशाक आत्म. संवत् २६. [ अंक १० मो.

## भिन्न अपेक्षागत ज्ञानत्रयस्वरुप.

( હરિગીત )

સર્વે નયો સ્યાદ્વાદમાં આકર્ષતું શ્રુત જાણીએ,
તેની સદા ચિંતા કરી સુવિવેક જ્ઞાન પીછાણીએ;
સદ્‌ભાવના પરિપાકથી વર્તન વિષે પરિણામ છે,
શ્રુત બોધ ચિંતા ભાવના એ જ્ઞાન આત્મિક ભાવ છે.

—o-oo-o—

## अंतरात्माने सद्ज्ञान मेळववा उपदेश.

( હરિગીત )

સમયબળને શોધતું વળી વિશ્વલીલા વેરતું,
અધ્યાત્મ વિદ્યા આપતું કાષાય બંધન કાપતું;
સંવેગરંગ જમાવતું ચારિત્ર ચંદન સિંચતું
સદ્‌જ્ઞાન સુંદર મેળવી સત્સંગથી થા શુદ્ધ તું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાસનપ્રેમી સાધુ સાધ્વી તથા શ્રાવક શ્રાવિકાની કંઇક કર્તવ્ય દિશા.

( લે૦ સદ્દગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

એ તો દિવા જેવું સાવ સ્પષ્ટ છે કે ચારિત્ર પાત્ર સાધુ સાધ્વીએ પોતે પ્રમાદ રહિત બની–જ્ઞાન ધ્યાન, તપ, જપ સંયમમાં સાવધાન રહી, યથાયોગ્ય સદુપદેશ વડે અથવા પોતાના સત્ચરિત્રની મુંગી અસરવડે કંઇક ભવ્યાત્માઓની ઉપર રૂડી છાપ પાડી તેમને સન્માર્ગે દોરી શકે અને એ રીતે પવિત્ર શાસનની અને જૈનસમાજની ઠીક રક્ષા અને પુષ્ટિ કરી શકે. **સ્વાર્થત્યાગ રૂપ સંયમનો મહિમા અજબ ને અપરંપાર છે.** આપણામાંના ઘણાનો સમય પ્રમાદવશ લગભગ નિરર્થક જાય છે અને કઇકનો સમય તો કલેશયોગે સ્વપરને ભારે હાનિકારક થવા પામે છે. ગમે તેવા વિદ્વાન્ કે પદ્વિધર સાધુ સાધ્વી હોય કે તે સામાન્યજ હોય તો પણ જો સમયસૂચક બની અત્યારે આપણી સમાજને કઇ કઇ વાતની ખાસ જરૂર છે–કેવા કેવા ગુણોને કેળવવાની અને અવગુણોને ટાળવાની કેવા કેવા યોગ્ય રીત રીવાજોને દાખલ કરવાની અને કેવા કેવા કુરીવાજોને ટાળવાની જરૂર છે તેનો થોડો ઘણો અનુભવ મેળવી લઇ, જ્યાં જ્યાં સંયમની રક્ષા ને વૃદ્ધિ માટે વિચરવાનું બને ત્યાં ત્યાં ભાઇ બ્હેનો સાથેનો બીજો નકામો અલાપસંલાપ ટુંકાવી દઇ, તેમને સરલ અને સ્પષ્ટ વાણીથી કંઇક કર્ત્તવ્યદિશાનું ભાન કરાવી યોગ્ય માર્ગે દોરવામાં આવે તો જાતે દહાડે તેનું રૂડું પરિણામજ આવે. તેમજ દરેક સમાજના ગૃહસ્થ આગેવાનો પણ સમયને ઓળખી પોત પોતાનું ખરૂં કર્તવ્ય સમજી સમાજ સુધારણામાં બનતો આત્મભોગ આપતાં શીખે ને આપે તો થોડા વખતમાં ઘણું સારૂં પરિણામ આવી શકે. પરંતુ ખેદની વાત છે કે તથાપ્રકારની ખરી કેળવણીની ખામીથી ખરી કર્તવ્ય દિશા નહિ સમજવા છતાં તેમનામાં સત્તા–માનનો લોભ પાર વગરનો હોય છે, જે તેમને ઉલટા અવળે રસ્તે દોરી જાય છે. જેમનામાં, સદ્દભાગ્યે વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક કેળવણી ખીલેલી હોય છે તો તે રૂચિકર હોય છે. તે તો પોતાની જવાબદારી સમજી યથાશક્તિ સ્વકર્ત્તવ્ય પરાયણજ રહે છે. તેવા દરેક સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ધારે તો પ્રમાદ રહિત બની યથાયોગ્ય સ્વકર્ત્તવ્યનો નિશ્ચય કરી ખંત અને ધૈર્યથી નિશ્ચિત કાર્યને વળગી રહી પવિત્ર શાસનની રક્ષા સાથે સમાજ સેવાનો પણ કંઇને કંઇ અચુક લાભ મેળવી શકે ખરા.

૧ એક ખાંડી જેટલું બોલવા કરતાં અધોળ વર્તનની કિંમત અત્યારે વધારે અંકાય છે એમ સમજી રાખી સહુ કોઇએ યથાશકિત ને યથાયોગ્ય કર્ત્તવ્ય પરાયણ થવા મંડી જવાની જરૂર છે. જિતેંદ્રિય બ્રહ્મચારી અને આત્મસંતોષી શ્રીમંત અને ધીમંત બહુ સારૂં કાર્ય સરલતાથી કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ લોકરંજન અર્થે નહી પણ આત્મસંતોષ અર્થે છતી શક્તિને છુપાવ્યા વગર કર્તવ્ય કર્મ કરતા રહેવાથી સહેજે બીજા આકર્ષાય છે.

૩ એક સાચા જૈન તરીકે દરેકે પોતાનામાં જડ ઘાલી રહેલા, રાગ દ્વેષાદિક દોષો દૂર કરવા અને ક્ષમા–સમતાદિક ગુણ યથાર્થ રૂપે ધારણ કરવા પ્રયત્ન કરવો જોઇએ. સામાયિકાદિકનો સતત અભ્યાસ કરવો એ વિગેરે શુભ સાધન યોગે ધારેલું લક્ષ સાધી શકાય છે.

૪ પ્રથમ માતા પિતાદિક વડીલ જનોને સંતોષી તેમની શુભ આશીષ મેળવી આપ આપણી ઉચિત કાર્ય દિશામાં સહુએ પ્રવર્તવું જોઇએ.

૫ બાહ્યબંધનો છેદી જે ત્યાગીપણું ધારે છે, તેમને અંતરથી માયા–મમતા છુટી જાય તોજ આત્મ ઉન્નતિ કરવી વધારે સુગમ થઇ પડે. અને વિનયયુક્ત યોગ્ય પરિશ્રમથી પવિત્ર રત્નત્રયીને પ્રાપ્ત કરી બીજા અનેક ભવ્યાત્માઓને એ પોતે માર્ગ દર્શક બની શકે ખરા.

૬ નિર્મળશ્રદ્ધા, વિવેક અને ક્રિયાપાત્ર શ્રાવક શ્રાવિકા સ્વહિત સાધન સાથે પોતાનાથી મંદ અધિકારી જનોને પ્રેમથી માર્ગ સન્મુખ કરી શકે છે. એ રીતે પવિત્ર શાસનની અને સમાજની ઉન્નતિ સહેજે સધાય છે. ઇતિશમ.

# શ્રાવકની કરણીનું રહસ્ય.

( ગતાંક પૃષ્ટ ૨૧૯ થી શરૂ )

## કરણી ૫ મી.

### " के नियमाः " મારામાં શા નિયમ છે ?

આ શ્રાવકની પાંચમી કરણીમાં શ્રાવકે પોતાના નિયમનો વિચાર કરવાનો છે. ચોથી કરણીમાં ગુણનો વિચાર દર્શાવવામાં આવ્યો છે. તે ગુણો નિયમ વિના ઉપયોગી થતા નથી. નિયમ વગરના ગુણો નકામા ગણાય છે. નિયમના સ્વરૂપને માટે યોગ વિદ્યામાં વિશેષ વિવેચન કરેલું છે. યોગવિદ્યાના અંગ ગણેલા છે તેમાં નિયમ બીજું અંગ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યત્યાર એ પાંચ બહિરંગ એટલે બાહ્ય ક્રિયામાં ગણાય છે. અને ધારણા, ધ્યાન અને સમાધિ એ અંતરંગ એટલે આંતર ક્રિયામાં ગણાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતોની ગણના યમમાં થાય છે. શૌચ, શારીરિક પવિત્રતા, સંતોષ, તપસ્યા, સ્વાધ્યાય અને પરમાત્માનું પ્રણિધાન એ નિયમમાં ગણાય છે.

For Private And Personal Use Only

વળી નિયમ એ વસ્તુ અંતરંગ અસર કરનારી છે. મનોવૃત્તિના વેગને અટકાવનારી છે. નિયમના સ્વરૂપમાં અનેક પ્રકારના ગુણો રહેલા છે. કોઇ પણ આચરણ ઉપર નિયમની સ્થાપના કરવામાં આવી હોય તો તે આચરણ સફલ થયા વિના રહેતું નથી. પ્રત્યાખ્યાનનું સ્વરૂપ નિયમનું એક મુખ્ય અંગ છે. નિયમ એ જીવનની ઉપયોગી મર્યાદા છે. નિર્દયતા, જુઠ, ચોરી, વ્યભિચાર, અને દુષ્ટ ઇચ્છા વગેરે દુર્ગુણો રૂપી મૃગલાઓ નિયમ રૂપ કેશરી સિંહથી પલાયન થઇ જાય છે. સ્નાનાદિકથી બાહ્ય અને મનના નિર્મલ વિચારથી આંતર એ ઉભય શૌચ સાચવનારને અશુદ્ધ એવી દ્રોહ બુદ્ધિ, ઉપજતીજ નથી અને તેને અહિંસા સહજેજ સિદ્ધ થવાની એ બધું તે નિયમથી બને છે. નિયમનો આશ્રય કરનારને અશુભનો આશ્રય રહેતોજ નથી. તેના હૃદયની ઇચ્છામાં અનાચાર ઉત્પન્ન થતોજ નથી. એમ નિયમથી યમ પણ સિદ્ધ થાય છે. આવી રીતે યમ અને નિયમ પરસ્પર સંબંધ ધરાવે છે.

નિયમના બે પ્રકાર પડી શકે છે. ધાર્મિક નિયમ અને વ્યવહારિક નિયમ. તેમાં ધાર્મિક નિયમનો પ્રભાવ દિવ્ય છે અને તે વ્યવહારિક નિયમને પુષ્ટિ આપનારો છે. તે છતાં તે ઉભયની આવશ્યકતા છે. એક ધાર્મિક નિયમ હોય અને વ્યવહારિક નિયમ ન હોય તો તે ધાર્મિક નિયમ વિશેષ શોભાપ્રદ થતો નથી. ધાર્મિક નિયમનો પ્રકાશ વ્યવહાર ઉપર પડવો જોઈએ. ઉત્તમ શ્રાવકે તે બંને નિયમો ધારણ કરવા જોઇએ. નિયમ રહિત મનુષ્યનું જીવન વિપરીત ગણાય છે. એટલુંજ નહીં પણ તેવા જીવનથી અનુક્રમે આ લોક તથા પરલોકમાં અધઃપાત થાય છે. નિયમની મર્યાદા વગરનું જીવન પશુજીવન જેવુંજ ગણાય છે.

પ્રાચીન મહાત્માઓ નિયમને માટે આવી પણ વ્યાખ્યા આપે છે કે—

" **यमनियमप्रकारेभ्योविपरीतास्तर्का हृदये प्रादुर्भवेयुः अहिंसायाः स्थाने हिंसारुचिः उद्भवेत् ब्रह्मस्थानेच व्यभिचार वासना जायेत यादृशी वृत्तिरुद्भवेत्तादृशी वृत्तिः प्रादुर्भवेत् तादृग्वृत्तेर्विरुद्धवृत्तिमुत्पाद्य तद् भावनां भावयेत् तदेव नियम रहस्यं** "

" યમ નિયમોના જેજે પ્રકાર કહ્યા, તેમનાંથી વિરૂદ્ધ તર્કો મનમાં ઉઠે, અહિંસાને સ્થાને હિંસાની રૂચિ ઉપજે, બ્રહ્મચર્યને સ્થાને વ્યભિચારની વાસના થાય, ત્યારે જેવી જેવી વૃત્તિ થાય તેવી તેવી વૃત્તિની વિરૂદ્ધ વૃત્તિ ઉપજાવીને તેની ભાવના ભાવવી; એજ નિયમ નું રહસ્યં છે. " નિયમનું આ રહસ્ય શ્રાવક ને તેના પોતાના શ્રાવકત્વનું પરિપૂર્ણ પોષક બને છે વ્યવહારમાં પણ જેમ એક પાસાનું બલ વધે તેમ આપણે બીજી પાસા બલ વધારીએ છીએ, શરીરને એક પાસા નમવું પડે તો બીજી પાસા આપણે નમવાના ભેટવાના પ્રમાણમાંજ, ટેકો રાખીએ છીએ. તે ઉપર યોગવેત્તાઓ નટ લોકનું દ્રષ્ટાંત આપે છે, જેમ નટલોકો દોર ઉપર સમાન રહેવા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે હાથમાં વાંસ રાખીને બે પાસા વજન સરખું રાખવાની તજવીજ કરે છે, તેનો તેજ નિયમ અંતઃકરણની સુષ્ટિને લાગુ કરવાનો છે. જે વૃત્તિ ઉઠી તેનું બલાબળ વિલોકી તેટલાજ બલાબળવાળી તેનાથી વિરૂદ્ધ વૃત્તિ ઉપજાવવી એથી કરીને અંતઃકરણ ની સ્થિતિનો ભંગ નહીં થાય. આવા પ્રસંગમાંજ નિયમનું આલંબન અત્યંત ઉપયોગી થઇ પડે છે. દ્રઢ નિયમનો પ્રભાવ અલૌકિક સામર્થ્યનો ઉદય કરે છે. ને યમનિયમના ઉત્તમ હેતુઓને માટે વિદ્વાનો એકી અવાજે કહે છે કે, અહિંસાનો નિયમ સિદ્ધ થવાથી પ્રાણીમાત્ર પોતાનું સહજ વૈર પણ તેવા પુરૂષની સમીપ ત્યજી દેશે. ત્યાં સાધારણ જીવમાત્ર તેના આગળ પ્રેમભાવ ધરે એમાં આશ્ચર્ય શું? સત્યનો નિયમ સિદ્ધ થતાં વાણીની સિદ્ધિ આવે છે, અસ્તેયનો નિયમ સિદ્ધ થતાં સર્વ રત્નોની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મચર્યનો નિયમ સિદ્ધ થતાં વીર્ય–સિદ્ધિ થાય છે અને પોતાના વીર્ય એટલે માનસિક ઓજના પ્રભાવથી પોતાનું સામર્થ્ય પ્રયોજવા અને શિષ્યાદિકને તે અર્પવા સમર્થ થવાય છે; અપરિગ્રહનો નિયમ સિદ્ધ થતાં નિસ્પૃહતાનો ગુણ સ્કુરે છે, શૌચનો નિયમ સિદ્ધ થતાં દેહાધ્યાસ ઘટે છે અને અંતઃકરણની શુદ્ધિનો નિયમ સિદ્ધ થતાં પ્રસન્નતા એકાગ્રતા, ઇંદ્રિયજય. અને આત્મદર્શનની યોગ્યતા આવે છે, સંતોષના નિયમથી અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે, તપના નિયમથી શરીર અને ઇંદ્રિયોના સ્વાભાવિક સામર્થ્યમાં ઘણો ઉત્કર્ષ થાય છે, સ્વાધ્યાયના નિયમથી જ્ઞાન ગુણીની વૃદ્ધિ અને પ્રભુની ઉપાસનાનું મહા ફલ પ્રાપ્ત થાય છે અને પરમાત્માના પ્રણિધાનના નિયમથી ચિત્તને સમાધિ મલે છે.

આવીરીતે નિયમના રક્ષણમાં અનેક પ્રકારના લાભો રહેલા છે. આવા અનુપમ અને ઔદયિક ભાવથી ભરેલા નિયમોને ધારણ કરનાર શ્રાવક પોતાના જીવનને પવિત્ર, ધાર્મિક અને ઉન્નત બનાવી શકે છે. નિયમમાં વર્ત્તનાર શ્રાવક વ્યવહાર અને ધર્મ ઉભયને સારીરીતે સાધી શકે છે, ધર્મપક્ષે નિયમિત થયેલો શ્રાવક પરંપરાએ આગળ વધી ચિત્તની પરમ શાંતિ મેળવી એકાગ્રતા સિદ્ધ કરે છે. તે પોતાના મન ઉપર એટલી બધી સત્તા મેળવે છે કે જેથી છેવટે તત્ત્વ જ્ઞાનનો અભેદાનંદમય સાક્ષાત્ સ્વરૂપાનંદનો અનુભવ કરે છે. વ્યવહારપક્ષે પણ નિયમમાં વર્ત્તનાર શ્રાવક વ્યવહારિક ઉદયનો સંપાદક થાય છે. કહેલા વચનનું પાલન, સમયાનુસાર કાર્ય સાધન, પ્રતિજ્ઞા નિર્વાહ વગેરે વ્યવહારના વર્ત્તનોમાં નિયમવાન્ મનુષ્ય સારી પ્રતિષ્ઠા મેળવી શકે છે. તેમજ લોક પ્રીતિ અને લોક વિશ્વાસનું પાત્ર પણ તેજ બને છે. ટુંકમાં નિકૃષ્ટ જીવનને ઉચ્ચગામી કરી શકવાનું મુખ્ય સાધન નિયમજ છે.

ઉત્તમ ભાવનાના સંસ્કારનો અંતઃકરણમાં સંચય કરી હૃદયમાં સમગ્ર ભાવ પુષ્ટ કરવાનું પ્રધાન સાધન પણ નિયમજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયો, પદાર્થો અને વિચારો અનેક અનેક આકારે, અનેક અનેક પ્રકારે સાધકની દૃષ્ટિ આદિ ઇંદ્રિયોને અને મન આદિ જ્ઞાન શક્તિઓને લોભન કરવા આવી મળે છે, તે સર્વથી દૂર રહેવાનો મુખ્ય ઉપાય નિયમજ છે. પ્રાચીન વિદ્વાનો નિયમને માટે આલંકારિક ભાષામાં વર્ણવે છે કે " આ સંસાર સાગરની અંદર વિચરનાર મનુષ્યને જો નિયમરૂપ નાવ પ્રાપ્ત થાય તો સુગમતાથી એ મહાસાગરને તરી જાય છે. નિયમ રૂપી ખડ્ગને ધારણ કરનાર ધર્મવીર પુરૂષની પાસે દુર્ગુણ રૂપી શત્રુઓ આવી શકતા નથી. સાંસારિક અને પ્રાપંચિક વિષયોનું બળ તેની સામે ટકી શકતું નથી. નિયમ રૂપી કલ્પવૃક્ષની શીતળછાયામાં રહેલો શ્રાવક માનવ જન્મના ઉત્તમ આનંદનો અનુભવ કરે છે. "

આવા અનેક હેતુઓને લક્ષ્યમાં રાખી ભગવાન્ વીતરાગ પ્રભુએ ઉપદેશ્યું છે કે, શ્રાવકે હંમેશા પોતાની કરણીમાં નિયમનો વિચાર કરવો. પ્રત્યેક ક્ષણે નિયમનો વિમર્શ કરનાર શ્રાવક પોતાના વર્ત્તનને ઉચ્ચ કોટીમાં લાવી શકે છે. મનુષ્યને કેટલાએક લાભો સ્વાભાવિક રીતે થતા હોય પણ જો તે નિયમપૂર્વક સંપાદન થતા હોય તો તેથી વિશેષ ઉત્કર્ષવાળા ફલની પ્રાપ્તિ થાય છે નિયમમાં નિતાંત તત્પર રહેવું, એ જગતમાં પરમ પ્રતિષ્ઠાનું નિદાન છે અને ઉભય લોકના પરમ સુખનો માર્ગ બતાવવાને અતિ ઉપયોગી છે.

જૈનયોગ વિદ્યામાં એક પ્રસંગે લખેલું છે કે " સાધક ગમે તેટલા ચમત્કારી ગુણો સંપાદન કરે, પણ જો તેમાં નિયમનો અભાવ હોય તો તે ગુણો સાધનરૂપે ટકી શકતા નથી. શમ અને દમ એ બંને ગુણો ઉત્તમ પ્રકારના ગણાય છે, છતાં તેમાં નિયમની અપેક્ષા રહેલી છે. શમગુણથી માણસ અંતઃકરણની માનસિક પ્રવૃત્તિ પોતાની ઇચ્છાને વશ રાખે છે અને દમથી શરીર તથા ઇંદ્રિયોની પ્રવૃત્તિને ઇચ્છાને વશ રાખે છે, પણ તે ઇચ્છાને દૃઢ અને આગ્રહી બનાવવી એ તત્વ નિયમની અંદર રહેલ છે. નિયમ ધારણથી મનુષ્યના મન, શરીર અને વાણી ત્રણે ઇચ્છાને વશ વર્તે છે, તેથી સાધક મનુષ્યે ઇચ્છાને વશ કરવા નિયમનું ગ્રહણ અવશ્ય કર્ત્તવ્ય છે. મનુષ્ય નવરો બેસે છે ત્યારે તેનું મન અનેક કલ્પનાઓ ઉઠાવે છે, શરીર અનેક જાતની ચેષ્ટાઓ કરવા પ્રવર્ત્તે છે, તે સર્વ ઉપર—નાની મોટી સર્વ પ્રવૃત્તિ ઉપર ઇચ્છાનો દૃઢ અમલ બેસી રહે એવા ઉત્કૃષ્ટ વશીકારને અર્થે નિયમની ધારણા ઘણીજ ઉપયોગી છે. એથી એમ પણ સિદ્ધ થાય છે કે ઉપશમ અથવા ઉપરામ પામવાની અવસ્થા પણ નિયમના ગુણથી મેળવી શકાય છે.

આવા સર્વ સાધન રૂપ નિયમગુણને માટે ઉત્તમ શ્રાવકે સર્વદા વિચાર કરવાનો છે. " હું શ્રાવક છું છતાં મારામાં કયા નિયમો રહેલા છે ? મારે કેવા નિયમો ગ્રહણ કરવા જોઇએ ? જે કુલ અને ધર્મમાં મારો જન્મ છે. તે કુલ અને ધર્મમાં કેવા નિયમો ઉપયોગી છે ? ક્ષણે ક્ષણે; પોહોરે પોહોરે, દિવસે, રાત્રિએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્ષે, માસે, વર્ષે અને યાવજજીવિત મારે કેવા કેવા નિયમો ધારણ કરવા જોઇએ ? કેવા નિયમો ધારણ કરવાથી હું મારા શ્રાવક જીવનને ઉન્નત બનાવી શકીશ અને કેવા નિયમોથી હું ખરેખરો જૈન બની શકીશ ? ” આવા વિચારો કરવાને માટે શ્રાવકને આ નિયમની પાંચમી કરણી કર્ત્તવ્યરૂપે ગણેલી છે. જ્યાં સુધી આ કરણી ભાવનામાં અને ક્રિયામાં ભાવિત કે આચરિત ન થાય, ત્યાંસુધી શ્રાવકત્વની ન્યુનતા ગણાય છે.

નિયમની કરણીનો વિચારક શ્રાવક આત્મબલનું રક્ષણ કરે છે. અને આત્મબળના રક્ષણથી તે ગૃહસ્થ અને યતિ ઉભય ધર્મનો સાધક બને છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીનો પ્રકાશ નિયમને આશ્રીને રહેલો છે. તેથી એ રત્નત્રયીની ઉપાસનામાં નિયમ એ મુખ્ય સાધન છે; આવા નિયમને ધારણ કરવા માટે ઉત્તમ શ્રાવકે શુદ્ધ હૃદયથી પ્રયત્ન કરવો જોઇએ.

ચાલુ.—
V.

# ઐતિહાસિક સ્વાધ્યાય.

## શ્રી વિજયરત્નસૂરીશ્વર નિર્વાણરૂપ સ્વાધ્યાય.

( ગતાંક પૃષ્ટ ૨૮૯થી શરૂ )

### દૂહા.

પાટ પટોધર થાપીને, શ્રીવિજયપ્રભ સૂરિ.
વિચરૈં દેશ વિદેશમૈં, ગયણું ગણુ તે સૂર. ૧
શ્રીવિજૈરત્ન સૂરિસરૂ, શ્રીવિજય પ્રભ પટધાર,
ભવિકજીવ પડિબોહતા, કરૈ તે ઉગ્ર વિહાર. ૨
મરૂધર માલવ દેશમૈં, વાગડ નૈં મેદપાટ;
સંઘ વંદાવૈં ચૂપસ્યૂં, દેખાડે ધ્રમવાટ. ૩
અનુક્રમે ‘ગૂર્જર’ દેશમેં, રાજનગર સુખકાર;
વિચરતાં આવ્યા તિહાં, સાધુતણો પરિવાર. ૪
શ્રાવક સાહ મેળા કરેં, ચિતધરી અધિક ઉચ્છાહ;
પૂજા નઈ પરભાવના, ગીત ગ્યાન ગહુગાહ. ૫

### ઢાળ ૪—દેશી હમીરિયાની.

એહવે અવર ગજેવજી, દિલ્લીપતિ અસુરેસ, સુગુરૂજી.
તાસ તનય ગુરૂ આગલો, આયમતા રવિસેસ. સુ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન ધન ગુરૂ ગછ રાજના, ભુજવેં ભવિજન વૃંદ; સુ.
સંઘ સકળનેં હિતકરેં, જિમ ગ્રહણ ગણાંગણમે ચંદ. સુ. ૨
પતિસ્યા હજીના હુકમથી, પરિવૃત બહુ પરિવાર. સુ.
ગજ, રથ, ઘોડા, પાલખી, પાયક દલ પરિવાર. સુ. ધ. ૩
સ્યાહજાદોજી આવિયા, રાજનગર મનરંગ; સુ.
અરિયણ સવિ નાસી ગયા, દેખી બલ ઉત્તંગ. સુ. ધ. ૪
એકદિન સ્યાહજાદે સુણ્યા, ગછપતિ ગુણ વિખ્યાત; સુ.
બોલાયા બહુ માનસ્યૂં, કરવા ધરમની વાત. સુ. ધ. ૫
ગછપતિ આવે મલપતા, દેખી હરખ્યો સ્યાહ, સુ.
વ્યજિમ કરી બેઠા તિહાં, મનમા ધરી ઉછાહ. સુ. ધ. ૬
ગુરૂ મધુરી દેં દેશના, સમજાવે જિન ધર્મ; સુ.
કાઢી કુરાણ દેખાડિયો, જીવદયાનો મર્મ. સુ. ધ. ૭
સમજ્યા સ્યાહજાદો તિહાં, કીધા કોમળ પરિણામ, સુ.
ગછ પતિવચ ચિત્ત મેં ધર્યાં, કીધાં ધર્મના કામ સુ. ધ. ૮
એહવેં ઉદયાપુર થકી, સંઘે વીનતી કીધ; સુ.
પઉધાર્યા ઉદયાપુરે, શ્રાવકે ભક્તિ બહુ કીધ. સુ. ધ. ૯
ગુરૂ આગમ નિસુણી કરી, રાણા મહા અમરેસ; સુ.
તેડાવ્યા અતિ આદરે, શ્રી વિજૈરત્ન સુરેસ. સુ. ધ. ૧૦
બ્રાહ્મણ પણ તિહાં બહુ મિલ્યા, પંડિત ધરતા માન; સુ.
ધર્મતણી ચરચા કરેં, વારૂ બુદ્ધિ નિધાન. સુ. ધ. ૧૧
ભાખેં ગુરૂ ભલી ભાંતિસ્યૂં, શાસ્ત્ર તણા અધિકાર;
વેદ, પુરાણ તણા કહ્યા, વાર અર્થ વિચાર. સુ. ૧૨
માન તજી વાડ વનસ્યા, બૂજ્યો રાણા અમરેસ; સુ.
દ્વિજ સિર કર દૂરેં કર્યો, લીધો લાભ અસેસ. સુ. ૧૩
પીછોલાથી છોડાવીયાં, માછી નાખતા જાળ, સુ.
અમારિ પળાવી ઉદયપુરે, ગુરૂ ઉપદેશ રસાળ. સુ. ૧૪
વિચરંતા મરૂદેશમેં, પુહતા પુર જોધાણ; સુ.
સંઘે સાહમેયા કર્યાં, ગચ્છપતિ પુન્ય પ્રમાણ. સુ. ૧૫
મહારાજા મન મોહસ્યું, પ્રણમેં શ્રી અજિતેસ; સુ.
મધુર વચન નૃપ રંજીઓ, કહે ધન્ય રત્ન સુરેસ. સુ. ૧૬
મેડતાનો જે ઉપાસિરો, અસુરાશ્રિત હતો જેહ. સુ.
અજિતેશેં તે આપિઓ, દુરસ કરાવી તેહ. સુ. ધ. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### દૂહા.

ઈમ અનેક નૃપ બૂઝવ્યા, સમજાવ્યા જિનધર્મ
જીવદયા ગુણ દાખવ્યો, ભાંજ્યો મિથ્યા મર્મ. ૧
અનુક્રમે ભૂતળ વિચરતા, બૂઝવતા ભવિ જીવ;
ધર્મમાર્ગ દેખાડતા, ચિત ધરતા હિત હેવ, ૨
ગછપતિ જાણે નિજ સમય, જ્ઞાનતણે આધાર;
વિચરંતા ગુરૂ આવિયા, નયર ઉદયપુર સાર. ૩
સંઘે સાહમેળા કર્યા, વજડાયા નિસાણ;
પટધરને પધરાવિયા, રાજ થયા દીવાણ. ૪
સદ્ગુરૂ ચોમાસુ રહ્યા, સંઘાગ્રહથી તામ;
ચિત માંહે ઇમ ચિંતવે, કીજે વંછિત કામ. ૫

### ઢાળ ૪ કરમ પીરક્ષા કરણ કુમર ચાલ્યો રે—એ દેશી.

સદગુરૂજી ઈમ ચિત્ત ચિત્તમેં રે, તેડાવે સવિ સંઘ;
તતખિણ આવીને વંદન કરે રે, શ્રાવક ચિત્ત ઉમંગ. સદ૦ ૧
સંઘમાંરે મુહતો હરજી વડા રે, મેંતો કલ્યાણદાસ,
નાનજીસાહ નેં ભાણજી સાહજી રે, લાખો નાણાવટી ખાસ. સ૦ ૨
ઇત્યાદિક શ્રાવક ભેલા મિલ્યા, આવ્યા ગછપતિ પાસ;
સાહમતી સાહ મિણસ્યું પરિવર્યાં રે, આવે અધિક ઉલ્લાસ. સ૦ ૩
સંઘ આગેં સદગુરૂજી, ઇમ કહેં રે, સાંભળો ચતુર સુજાણ;
પટધરની હવે કરસ્યું થાપનારે, કીજે કાજ પ્રમાણ. સ૦ ૪
ભાદ્રવા સુદિ આઠમ દિન છે ભલો રે, વારૂ મંગળવાર;
એ કારયનો વિલંબ હવે કરવો નહીં રે, કરવો ઓછવસાર. સ૦ ૫
સંઘ સુણીને અતિ હરખિત થયો રે, અરજ કરેં કર જોડિ;
પાટપટોધર થાપી ખતિસ્યું રે, પૂરો અમ મન કોડ. સ૦ ૬
તુરત તેડાવ્યા હરખ ધરી તિહાં રે, ખીમાવિજય પન્યાસ;
આપ હાથસ્યું આચાર્ય પદ આપિયો રે, પોહતી શ્રી સંઘ આસ. સ૦ ૭
નામ થાપના કીધી તિણ સમે રે, શ્રી વિજે ક્ષેમ સૂરીંદા;
વંદન મહોચ્છવ પિણ તતક્ષિણ કરે રે, શ્રી વિજેરત્ન સૂરિંદ સ૦ ૮
સંઘ ચતુર્વિધ આગળ ગછપતિ, ઇમ કહે રે, શ્રી વિજેરત્નસૂરીસ;
સમય અહ્મારો જાણ છઇ અહો ઢુકડો રે, સુતથી વિસવાવીસ. સ૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિણુ કારણુ હવે અણુસણુ આદરસું અમે રે, ધરસ્યૂં શ્રી જિનધ્યાન,
પટધર ગચ્છપતિની સેવા કરજો તુહ્મે રે, દેજો અતિ સનમાન. સ૦ ૧૦
શ્રી આચારયજીને શ્રી ગચ્છપતિ કહે રે, નિસુણોજી સુવચન;
એ તપગચ્છની ગાદી છે અતિ મોટકીરે, કરજ્યો તાસ જતન. સ૦ ૧૧
વીરતણો સાસન દીપાવજો રે, ધરજ્યો ધર્મનો ધ્યાન;
અમચી શીખ સદા ચિત્ત ધારજ્યો રે, તુહ્મે છો ચતુર સુજાણ. સ૦ ૧૨
દેવવિજયજી લક્ષ્મીવિજય તેડાવિયારે, હિતવિજયજી તામ;
એ ત્રણ્યેને પાઠકપદ દિયાં રે, જાણી અતિ અભિરામ. સ૦ ૧૩
અનુક્રમે ભાદ્રવાસુદિ દશમી દિને રે, કીધો અણુસણુ સાર;
ચોરાસી લખ જીવાયોનિ ખમાવિયારે, પચખ્યા ચ્યાર આહાર.સ૦ ૧૪
સવે પાપસ્થાન અઢાર આલોઇયાં રે, આલોયા અતિચાર;
સંઘ ચતુર્વિધ આપે સૂખડી રે, વારૂ વિવિધ પ્રકાર. સ૦ ૧૫
આઠ સહસ ઉપવાસ કહે તિહાં રે, અઠમ, સઠ અનેક;
સાત ક્રોડી નવપદ ગણુવા કહ્યા, વલિ યાત્રા, દાન વિશેષ. સ૦ ૧૬
ઇણિ વિધ આપી સંઘે સૂખડી રે, અન્ત સમય અવધારિ;
સાત દિવસ અણુસણુ કરીને સુરગતિ લહીરે, શ્રીવિજયરત્ન ગણીધાર ૧૭

અપૂર્ણ.

# દ્રઢ ઇચ્છા-શક્તિ.

( અંકના પૃષ્ટ થી શરૂ. )

( ૯ )

## વિઠુલદાસ-મૂ-શાહ.

જો ઉપરોક્ત શ્લોકમાં કહેલા સર્વ કારણો ઉપર ઉચિત ધ્યાન નહિ દેવામાં આવે તો સંભવ છે કે કોઇ આરબ્ધ કાર્યમાં ફલ-પ્રાપ્તિ થશે નહિ. પરંતુ જ્યારે દ્રઢ ઇચ્છા-શક્તિ થાય છે, ત્યારે એ કારણોનું જ્ઞાન પણુ આપોઆપ થઇ જાય છે. તેમજ જ્યારે એટલું કરી ચૂકયા છતાં પણુ દૈવવશાત્ કોઇ કાર્યમાં અસફલતા પ્રાપ્ત થાય ત્યારે આપણે ઉપદેશ લેવો જોઇએ કે " મોટાઇ અને બહાદૂરી કદિ પણુ નહિ પડવામાં રહેલી નથી, બલ્કે આપણે જેટલી વાર પડીએ તેટલીવાર ઉઠીને ફરી વખત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણાં ઉદ્દિષ્ટ કાર્યમાં લાગી જવામાં રહેલ છે. " જે યુવકને સાંસારિક કાર્ય વ્યવહારો માટે અનેક અનુકૂળ સાધન તથા સંપત્તિ અનાયાસે મળી જાય છે તેને ઘણા લોકો જગતની પ્રચલિત રીતિ અનુસાર ભાગ્યવાન કહે છે. પરંતુ વસ્તુતઃ તે યુવકને દુર્ભાગીજ ગણવો જોઇએ, કેમકે એને વિદ્યા–પ્રાપ્તિ માટે કશું કષ્ટ વેઠવું પડયું નથી હોતું તેમજ ધન તથા યશની પ્રાપ્તિ માટે સ્વયં પ્રયત્ન કરવાની ઈચ્છા થતી નથી. કેવલ સ્વાર્થાધીન બનીને તે સુખ ચેનથી પોતાની જીવન–યાત્રા કરી શકે છે, મનોરંજનની સામગ્રી પણ તેની પાસે હંમેશા મોજુદ રહે છે, અન્ન વસ્ત્રાદિકનો પ્રશ્નતો તેનાં મનમાં કદિ પણ ઉપસ્થિત થતો નથી. સારાંશ એ છે કે જીવનનાં સર્વ વિષય–સુખોનો રસાસ્વાદન કરવા માટે તેની પાસે અનુકૂળ સાધનો મોજુદ રહે છે. પરિણામ એ આવે છે કે તેની મહત્વાકાંક્ષાઓ તથા સદિચ્છાઓ ઘણે ભાગે લુપ્ત અને નષ્ટ થઇ જાય છે અને એવી દશામાં એ પણ જોવામાં આવે છે કે તેનું સમસ્ત જીવન તેને માટે ભારરૂપ બની જાય છે. તાત્પર્ય એ છે કે માનવ–જીવન–સંગ્રામમાં જે જે કર્મવીરોએ વિજય–પ્રાપ્તિ કરી છે, તેઓનાં ચિત્ર–પટો તપાસવાથી એ સિદ્ધાંત સ્થાપિત થઇ શકે છે કે જ્યાંસુધી આપણે આ સંસારની સમર–ભૂમિમાં પ્રવેશ કરીને આપણાં પોતાનાં કર્તવ્ય–ક્ષેત્રમાં કૂદી ન પડીએ ત્યાંસુધી દ્રઢ ઇચ્છા–શક્તિની સાથે જે અન્ય કારણોની આવશ્યકતા હોય છે, તેનું અનુભવ પૂર્ણ તથા વ્યવહારિક જ્ઞાન થઇ શકતું નથી. કેવલ માનસિક ઈચ્છાથી કશો લાભ થતો નથી.

આપણે જાણીએ છીએ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કાર્ય કરતા રહેવાનો ઉપદેશ આપવો ઘણો સહજ છે, પરંતુ તદનુસાર વર્તવું ઘણુંજ કઠિન છે; તથાપિ આપણે જોઇએ છીએ કે જે લોકો પોતાનાં જીવનનાં કાર્યક્રમનો નિશ્ચય પહેલેથી જ કરી લે છે, કોઇ ઉદ્દિષ્ટ હેતુની સિદ્ધિને અર્થે દ્રઢ ઇચ્છા કરી લે છે અને સફલતા અવશ્ય મલશેજ એવો વિશ્વાસ કરીલે છે તે લોકો તરતજ પોતાનાં ઇષ્ટ કાર્યમાં લાગી જાય છે, સમુચિત યત્ન કરવામાં કોઇ વાતની ખામી રાખતા નથી, પોતાનાં નિશ્ચિત ધ્યેય સિવાય બીજી કોઇ બાબત તરફ ધ્યાન આપતા નથી, ગમે તેટલા સંકટ આવે તોપણ કશી દરકાર કરતા નથી અને છેવટે સઘળી પ્રતિકૂળતાઓને બદલી નાંખે છે. આ ઉપર વિચાર કરવાથી પ્રતીત થાય છે કે જો આપણાં જીવનનો કાર્યક્રમ નિશ્ચિત હોય છે તો દ્રઢ ઈચ્છા–શક્તિથી સફલતા પ્રાપ્ત કરવાનું લેશ પણ કઠિન નથી. પરંતુ જો કોઇ મનુષ્ય ધનહીન હોય છે તો, તેને બીજાની દૃષ્ટિમાં ગરીબ દેખાવું સારૂ લાગતું નથી. ને પોતાની ઉન્નતિ અર્થે બીજાની માફક કાર્ય કરે છે. એ પ્રકારની માનસિક પરાધીનતાથી કોઇ પણ મનુષ્યની ઇચ્છા–શક્તિ દૃઢ બની શકતી નથી, તેમજ કોઇ પણ મનુષ્યની ઉન્નતિ થઇ શકતી નથી. જ્યારે આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુવકોને રેશમી છત્રી અથવા સુશોભીત વસ્ત્રાલંકાર વગર ચેન નથી પડતું, જ્યારે તેઓના સોબતીઓ તેને ફેશનેબલ જેન્ટલમેન નથી કહેતા, ત્યારે તેઓ પોતાની ઇચ્છાઓની પૂર્તિ માટે અદ્‌ભુત ઉપાયો યોજવા લાગે છે. સ્મરણમાં રાખો કે આવા નિર્બળ હૃદયવાળા મનુષ્યો પોતાનું મસ્તક ઉંચું કરીને એમ નથી કહી શકતા કે અમે અમારો રસ્તો જાતેજ સાફ કર્યો છે. હા, તેઓને હવાઈ વિમાન અવશ્ય કહી શકાય છે કે જે બીજાની એટલે કે હવાની સહાયતાથી ઉંચે જઈ શકે છે.

કેટલાક લોકો એ વાત નથી માનતા કે મનુષ્યનું ભવિષ્ય તથા તેની ઉન્નતિ તેનાં પોતાનાં કાર્યો ઉપર નિર્ભર રહેલી છે. તેઓ સર્વ સાંસારિક સફલતાઓને એકજ જાદુઇ શબ્દ વડેજ સમજયા કરે છે. તે શબ્દ કયો છે ? કિસ્મત અથવા પ્રારબ્ધ. પરંતુ એ વાતનો ત્યારેજ ઠીક કહી શકાય કે જ્યારે સંસારના સર્વ મનુષ્યો પલંગ ઉપર આલોટયા કરે અને સંસારનાં સર્વ કાર્યો સારી રીતે થયા કરે. પ્રારબ્ધની વાત તો તજી દઈએ, પરંતુ જે મનુષ્યોમાં કોઇ સ્વભાવિક પ્રતિભા હોય છે, તેઓ પણ કઠિન પરિશ્રમ કર્યા વગર કોઇ પણ કાર્યમાં સફલતા પ્રાપ્ત કરી શકતા નથી. કેટલાક મનુષ્યોની ઇચ્છાઓ દ્દઢ ન થવાનું એ પણ કારણ હોય છે કે તેઓનો ઉદ્દેશ શીઘ્ર અને અલ્પ પ્રયત્નથી પૂર્ણ નથી થતો, અથવા તેઓનાં કાર્યની સમાપ્તિનો આધાર અનેક ન્હાનાં ન્હાનાં ઉપક્રમોની સમાપ્તિ ઉપર હોય છે. આ પ્રકારના મનુષ્યો કદાચ એમ ઇચ્છતા હોય છે કે રામાયણ જેવા મહાન ગ્રંથો અથવા મુંબઇ કલકત્તા જેવા મહાન શહેરો એકાદ બે કલાક પ્રયત્ન કરવાથી બની જાય તો સારૂં. વિચારવા જેવી વાત છે કે ન્હાનાં ન્હાનાં કાર્યો પૂર્ણ કરવામાં આપણે કેટલાક મહિના ગાળવા પડે છે, તો પછી મહાન કાર્યો પૂર્ણ કરવામાં સમસ્ત જીવન વ્યતીત થઇ જાય તો શું આશ્ચર્ય ? બલ્કે પુનર્જન્મવાદી લોકો તો આથી પણ આગળ વધી ગયા છે. તેઓ કહે છે કે જ્યારે અમુક મનુષ્ય પોતાનો ઉદ્દેશ એકજ જન્મમાં પૂર્ણ નથી કરી શકતો અને જ્યારે મૃત્યુ સમયેજ તેને તે કાર્ય કરવાનો વિચાર આવે છે, ત્યારે તે પૂર્વજન્મ–સંસ્કારને લઇને તે ઉદ્દેશ પૂર્ણ કરવા માટે બીજો જન્મ લે છે. એ રીતે અનેક જન્મજન્માંતરો સુધી, ધૈર્યયુક્ત અને અવિશ્રાંત પરિશ્રમ કરવાથી તેને કોઇપણ જન્મમાં સિદ્ધિ અર્થાત્ સફલતા મળી જાય છે. પરંતુ તેનાથી એટલું તો અવશ્ય સિદ્ધ થાય છે કે કોઈ ઉચ્ચ વા મહાન કાર્યની પૂર્તિ અર્થે વર્ષો પર્યંત પ્રયત્ન કરતા રહેવાની અત્યંત આવશ્યકતા છે. ગમે તેટલા સંકટ–મુશ્કેલીયો ઉપસ્થિત થાય અને ગમે તેટલો સમય લાગે તોપણ જે મનુષ્ય પોતાનાં જીવનનો ઉદ્દેશ્ય સફળ કરવાની ઇચ્છાથી પ્રેરાઈને સદૈવ પ્રયત્નશીલ રહ્યા કરે છે, અને જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યે પોતાનાં જીવનનાં કાર્યક્રમ સંબંધી કશો વિચાર કર્યો હોતો નથી, જેનાં મનમાં કોઇપણ જાતની મહત્વાકાંક્ષા નથી હોતી અને જે કોઇપણ પ્રકારનો પ્રયત્ન પણ નથી કરતો તે બન્ને મનુષ્યોના જીવન-સંગ્રામમાં આકાશ પાતાલ જેટલો તફાવત થઇ જાય છે. પહેલા પ્રકારના મનુષ્યનું જીવન ખરેખરૂં સફળ થાય છે અને જેમ એક લાકડાનો કટકો નદીના પ્રવાહમાં અહિં તહિં ઘસડાઇને કોઇ ખડક ઉપર અથડાતા ચુરેચુરા થઇ જાય છે, તેવી બીજા પ્રકારના મનુષ્યની દશા થાય છે.

મહાન લોક-નાયકો, કવિયો, રાજનીતિજ્ઞો તેમજ સંસારના સર્વ અગ્રગણ્ય પુરૂષોની સફળતાનું રહસ્ય શું છે? તેઓની ઇચ્છાજન્ય સતત પ્રયત્ન-શક્તિ. કોઇ એમ શંકા કરે કે સતત પ્રયત્ન કરતા રહેવાથી સફલતા મળીજ જાય છે-દૃઢ ઇચ્છા-શક્તિની કશી આવશ્યકતા નથી, પરંતુ તેઓને એજ જવાબ આપી શકાય કે દૃઢ ઇચ્છાજ સતત પ્રયત્ન-શક્તિની ઉત્પાદક છે. જ્યાંસુધી આપણે કોઇ કાર્યમાં લાભ નથી જોતા, ત્યાંસુધી તે કાર્ય કરવાની આપણને ઇચ્છાજ થતી નથી, અને ઇચ્છા ઉત્પન્ન થાય તોપણ દૃઢતા વગર આપણે તે કાર્ય અપૂર્ણ તજી દઇએ એ બનવાજોગ છે. ખાસ કરીને માનસિક ગુણોનો વિકાસ તથા ચારિત્ર-સંગઠન આદિ મહાન કાર્યો સમસ્ત જીવનભર પ્રયત્ન કર્યા વગર થઇ શકતા નથી. એટલાજ માટે દૃઢ ઇચ્છા-શક્તિની સાથે ધૈર્યની પણ નિતાન્ત આવશ્યકતા છે, જે ઇચ્છામાં ધૈર્યનો અભાવ હોય છે, તેને રાક્ષસી ઇચ્છા શક્તિ કહેવામાં આવે છે, કેમકે તે સર્વદા અમાનુષી કાર્ય કરવાને તત્પર રહે છે, મિષ્ટ ફલોનો પરિપાક કદિ પણ જલ્દી થતો નથી. આપણે એક મહાત્માનું નીચેનું કથન હમેશાં ધ્યાનમાં રાખવું જોઇએ કે-સમયોચિત કાર્ય કરતા છતાં પણ ઉદ્દેશ-પૂર્તિ માટે ધૈર્યપૂર્વક રાહ જોયા કરવી તેજ સફલતાની અમોઘ ચાવી છે.

સફલતા પ્રાપ્ત કરવામાટે દૃઢ ઇચ્છા-શક્તિ તેમજ ધૈર્યની સાથે એક બીજી વસ્તુની આવશ્યકતા છે, બાધાઓથી ડરવાથી ઇચ્છા કદિ પણ પુરી થતી નથી. જે મનુષ્ય હમેશાં એવી ફરિયાદ કર્યા કરે છે કે અમુક સ્થળે જવા માટે એક માર્ગમાં પત્થર છે, બીજા માર્ગમાં કંટક છે, ત્રીજા માર્ગમાં પર્વતો છે અને ચોથા માર્ગમાં સિંહ અથવા ચોર લુંટારા છે, તે ઘરની અંદર બેસી રહેવા સિવાય કંઇપણ કરી શકતો નથી. તેવો મનુષ્ય સર્વની આગળ જઇને રોદણાં રોયા કરે છે કે કઠિનતાઓ પુષ્કળ છે, કામ કરવાનું અસંભવિત છે, ઇત્યાદિ. સ્મરણમાં રાખો કે એ રીતે હમેશાં રોદણાં રોવાથી અને ફરિયાદ કરવાથી કદિ પણ કાર્ય પુરૂં થશે નહિ, બલ્કે એમ કહેવું જોઇએ કે કોઇ મનુષ્ય જ્યારે કોઇ કાર્ય આનંદ પૂર્વક મન દઇને કરતો નથી, ત્યારે તે કરવાની તેનામાં હાર્દિક ઇચ્છા જ નથી હોતી. ઘણા મનુષ્યોમાં એવી ખરાબ ટેવ હોય છે કે કઠિનતાઓની સૂચના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળતાં જ તેઓ પોતાનું કાર્ય તજી દે છે અને કોઈ બીજા કાર્યમાં લાગી જાય છે, તેનું સમસ્ત જીવન હંમેશા નવા નવા કાર્યો કરવામાં વ્યતીત થઈ જાય છે અને છેવટે તેઓ એક પણ કાર્ય સમુચિત રીતે પુરૂં કરતા નથી. એટલા માટે આપણે માટે એટલુંજ ઉચિત છે કે આપણે જીવનનું એક જ લક્ષ્ય બનાવી લેવું જોઇએ તેમજ તેની પૂર્તિને અર્થે આપણે જે ન્હાનાંમાં ન્હાનાં અથવા મ્હોટાંમાં મ્હોટાં કાર્ય કરીએ તે સઘળાં સાચાં દિલથી આનંદ પૂર્વક કરવાં જોઇએ. જ્યાં સુધી મનુષ્ય પોતાનાં કાર્યની કઠિનતાઓ સંબંધી ફરિયાદ કર્યા કરે છે, જ્યાંસુધી તેનામાં ઉત્સાહ અને આશા નથી હોતી ત્યાં સુધી તેની ઇષ્ટસિદ્ધિ કદિ પણ થતી નથી.

લોકોમાં એ કહેવત છે કે " જ્યાં ઇચ્છા હોય છે, ત્યાં માર્ગ થઇ શકે છે. " ઉક્ત કહેવતમાં એક મહાન સિદ્ધાંત અત્યંત સુગમતાથી સમજાવવામાં આવ્યો છે. પહેલી વાત તો એ છે કે પ્રત્યેક મનુષ્યમાં કોઈ વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા તેની અવસ્થાની સંભાવનાને અનુકૂળજ થયા કરે છે, પ્રતિકૂળ નહિં. તે સાથે બીજી વાત એ છે કે તે ઇચ્છા પુરી કરવા માટે ઉપાયો યોજવાનું પણ તેને આધિન રહે છે. જો દ્રઢ ઇચ્છા હોય છે તો તે તેની પૂર્તિ અર્થે પોતાનું સમસ્ત જીવન વ્યતીત કરવા તત્પર થાય છે. ટોમસ કાર્લાઇલનું નામ વિદ્વાન ગ્રંથકાર તરીકે જગ મશહૂર છે. તેણે " ફ્રેંચ રેવોલ્યુશન " નામનું એક અત્યંત ઉપયોગી પુસ્તક લખ્યું છે. તેનો પ્રથમ ભાગ સમાપ્ત કરીને તેણે પોતાના એક મિત્રને તેનો અભિપ્રાય દર્શાવવા માટે વાંચવા આપ્યું, તેના મિત્રે પુસ્તક તો વાંચી લીધું, પરંતુ બેદરકારીથી તેના ઓરડામાં પડયું રહ્યું. જ્યારે તેની ચાકરડી ઓરડામાં આવી, ત્યારે તેણે તે પુસ્તકને રદ્દી નકામા કાગળીઆં સમજી જ્યાં ત્યાં ફેંકી દીધું. એ વાતની કાર્લાઇલને ખબર પડી. પરંતુ કેવળ ઉત્સાહ–પૂર્ણ દ્રઢ ઇચ્છાને લઇને તેણે ફરી વખત તે પુસ્તક પોતાની સ્મરણ શક્તિની સહાયથી લખી નાંખ્યું જે અદ્યાપિ પર્યંત સંસારના બહુમૂલ્ય પુસ્તકોમાંનું એક ગણાય છે. ધૈર્યનું આ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

જ્યારે આપણે કોઇ મનુષ્યને વિશેષ ગુણ–શક્તિ સંપન્ન જોઇએ છીએ, ત્યારે કદાચ આપણા મનમાં એવી ભાવના થાય છે કે તેનાં સર્વ કાર્યો અપવાદ સ્વરૂપ છે, કોઇ પણ મનુષ્ય ગમે તેટલો પરિશ્રમ કરીને પણ તેના જેવું કાર્ય કરી શકતો નથી. પરંતુ જો મહાન પુરૂષોનાં જીવન–ચરિત્રો અને જન્મભરના કાર્યોનું બારીકીથી નિરીક્ષણ કરવામાં આવે તો અપવાદ વગર દરેક સ્થિતિમાં આપણને એમજ માલુમ પડશે કે તેઓનાં મહત્કાર્યોની સિદ્ધિ અને આશ્ચર્યજનક સફલતાઓનાં કારણો જેટલાં તેઓની ધૈર્યબુદ્ધિ દીર્ઘોદ્યોગ શક્તિમાં રહેલાં છે. તેટલા તેઓના જન્મસિદ્ધ ગુણ તથા કાર્યકારિણી શક્તીમાં રહેલાં નથી. તેઓએ અપ્રસિદ્ધપણે જન્મભર એકાન્તમાં કઠિનમાં કઠિન પરિશ્રમ સેવ્યો હોય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓનાં પરિશ્રમનું ફળ તેઓની વૃદ્ધાવસ્થામાં પ્રકાશિત થયેલું જોઈને લોકોને દાંત કરડવા પડયા હોય છે; કેમકે તેના જન્મભરના પરિશ્રમ અને પ્રથમની તૈયારીઓ સાધારણ લોકોના જાણવામાં અથવા જોવામાં આવ્યા હોતા નથી, તેઓના પરિશ્રમનું અંતિમ પરિણામજ જોવા પામે છે.

સંસારમાં જેટલા મહાપુરૂષો, કવિઓ, ગ્રંથકારો, રાજનીતિજ્ઞ પુરૂષો, ચિત્રકારો, સંગીતકલા વિશારદ પુરૂષો, સંપાદકો, આવિષ્કાર કર્તા વિગેરે થઇ ગયા છે તેઓમાં એવો કોઇ નથી કે જેની ઇષ્ટસિદ્ધિ પહેલેજ પ્રયત્ને પુરી થઇ ગઈ હોય. તે સહુને તેને માટે પોતાની બાલ્યાવસ્થાથીજ તૈયારી કરવી પડી હોય છે. તેને લઇનેજ તેઓ પોતાના જીવનમાં મહત્કાર્યો પુરાં કરી શકયા છે. ઈતિહાસમાં તે સર્વની કઠિનતાઓ અને વિપત્તિઓનું વર્ણન વાંચતાં હૃદય ભરાઇ જાય છે અને તેઓની યોગ્યતા તેમજ કાર્ય શીલતાની પ્રશંસા કર્યા વગર રહી શકતા નથી. અસ્તુ છેવટે નીચેની એક અંગ્રેજ કવિની પંકિતઓમાં રહેલો સદ્બોધ ગ્રહણ કરવાનું વાચક ગણને નમ્રતાપૂર્વક નિવેદન કરવામાં આવે છે:—

" Be firm, one Constant element of luck.
Is Jenuine, solid, old Teutonic pluck.
Stick to your aim the mongrel's hold will slip.
But only crowbars loose the bull-dog's grip,
Small though he looks, the jaw that never yields,
Drags down the bellowing monarch of fields ! "

અને આશા રાખવામાં આવે છે કે જીવન–સંગ્રામમાં વિજયપ્રાપ્તિ અર્થે વાંચક બંધુઓ હમણાંજ તૈયારાં કરવા લાગશે, અને પોતાનાં જીવનનું પ્રધાન કર્તવ્ય શું છે તેનો નિશ્ચય કરી લેશે અને તેની સફલતા માટે દઢ ઈચ્છાશકિત તથા ધૈર્યથી સતત પ્રયત્ન કરી વિઘ્ન–બાધાઓને હઠાવી છેવટે વિજય પ્રાપ્ત કરશો. પરમાત્માની કૃપાવડે તમારાં સંકલ્પિત કાર્યો અવશ્ય સિદ્ધ થશેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આધુનિક કથાસાહિત્ય.

જૈનસમાજમાં પુસ્તક-પ્રકાશકોની બૂમ છે કે' અમે સાહિત્ય પ્રકાશિત કરીએ છીએ પરંતુ આપણા સમાજમાં વાંચકોની સંખ્યા ઘણી અલ્પ જોવામાં આવે છે, અમને જોઈએ તેવું પ્રોત્સાહન મળતું નથી, પુસ્તકની મુડી પણ પ્રાપ્ત થતી નથી, ત્યારે બીજી બાજુ સમાજ કહે છે કે આપણા સમાજમાં સાહિત્યજ કયાં છે ? સમયાનુસાર સાહિત્ય નહિં હોવાથી અમારે જૈનેતરનું સાહિત્ય વાંચી સંતોષ માનવો પડે છે. આવી રીતે બન્નેનું કહેવું સાંભળતાં કોઈનું કહેવું અનુચિત હોય તેમ જણાતું નથી. ત્યારે છે શું ? તે તપાસીએ.

પ્રકાશિત થતા સાહિત્ય પ્રતિ દૃષ્ટિ ફેંકતાં જણાશે કે આજ કાલ માસિક, ત્રિમાસિક અને વાર્ષિક પ્રકાશિત થતા સાહિત્યમાં વિશેષ જગ્યા કથા-વાર્તા સાહિત્યે રોકેલ જણાય છે. લાઈબ્રેરીઓનાં રજીષ્ટરો તપાસતાં જણાશે કે અન્ય સર્વ વિષય કરતાં કથા-નવલકથાની સંખ્યા વિશેષ છે. બુકસેલરોને ત્યાં જઈને ખાતરી કરશો તો કથા-સાહિત્યનું વેચાણ વિશેષ માલૂમ પડશે. આ ઉપરથી અનુમાન થાય છે કે લોકોની રૂચિ અન્ય વિષયનાં પુસ્તકો કરતાં કથાઓ પ્રતિ વિશેષ આકર્ષાઇ છે. આધ્યાત્મિક, નૈતિક, ઐતિહાસિક કે અન્ય કોઇ પણ સાહિત્યની શાખાનું સાહિત્ય સોંઘુ હશે તોપણ ત્હેનો ઉઠાવ બહુજ અલ્પ જોવામાં આવે છે અને નવલ કથાઓનું મૂલ્ય કદ કરતાં વિશેષ હોવા છતાં ત્હેનું વેચાણ વિશેષ થતું જોવામાં આવે છે. આ ઉપરથી પણ જોવામાં આવે છે કે લોકોની રૂચિ નવલકથા પ્રતિ વિશેષ છે.

નવલકથાના ઉદ્‌ભવ પહેલાનો સમય તપાસીશું તો જણાય છે કે આપણા આગમોમાં, પણ નાની નાની કથાઓ આળેખાયેલ છે. તે પછી પ્રાકૃત સાહિત્યમાં દાક્ષિણ્યચિન્હકૃત કુવલયમાલા કે જેની અનેક કવિઓએ મુક્ત કંઠે પ્રશંસા કરેલ છે. જે અદ્યાપિ પ્રસિદ્ધ થયેલ નથી. તે પછી સંસ્કૃત સાહિત્યમાં ઉપમિતિ ભવ પ્રપંચા જે વિવિધ કથાઓનો મહાસાગર છે, સંસ્કૃત કાદંબરી સાહિત્યમાં પ્રથમ નંબરે મૂકવા લાયક ધનપાલકૃત તિલક મંજરી, પ્રભાવક ચરિત્ર, ચતુર્વિંશતિ પ્રબંધ આદિ અનેક કથા-ગ્રંથો લખાયેલ છે કે જેનું અત્રે વર્ણન કરવું અનુચિત ગણાય. અને તે વિષયમાં અનેક નિબંધો આપણામાં છપાઇ ગયા છે. અન્ય વિષયોના સાહિત્ય કરતાં દરેક સમાજમાં કથા સાહિત્ય વિપુળ અવસ્થામાં પ્રાપ્ત થાય છે ત્હેનું કારણ શું હશે ? કારણ એજ જણાય છે કે પૂર્વ પરંપરાથીજ લોકોની અભિરૂચિ કથાઓ પ્રતિ વિશેષ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયના વ્યતીત થવા સાથે લોકોની અભિરૂચિ પણ અમુક અમુક કાળે બદલાતી જોવામાં આવે છે. સાહિત્યમાં પ્રથમથી તપાસશો તો માલૂમ પડશે કે પહેલાં સાધારણ ચરિત્રો આપવામાં આવતાં પછી લોકોની અભિરૂચિ બદલાઇ એટલે સ્વતંત્ર કથા–સાહિત્ય લખવામાં આવ્યું, તેમાં પણ કથાસાહિત્યની શૈલીમાં અભિરૂચી પરિવર્તન પામી તેમ તેમ સાહિત્ય પણ અનેક શૈલીમાં પરિવર્તન પામ્યું અર્થાત્ લોકોની અભિરૂચિને માન આપી લેખકોએ કાવ્યો, નાટકો, ચંપુ, આખ્યાયિકા, વિગેરે વિગેરે સ્વરૂપમાં પરિવર્તન કરી લોકોમાં જ્ઞાન જાગૃત રાખતા ગયા. તે પછી પંદરમાં સૈકામાં અપભ્રંશ ભાષા વ્યવહારમાં પર્યાપ્ત થવાથી ઉપદેશકો, લેખકો અને સાધુઓએ તે પ્રતિ દૃષ્ટિ લંબાવી અર્થાત્ લોકોમાં જ્ઞાન જાગૃત રાખવા સારૂ આખ્યાન, રાસાઓ, રાસડાઓ, પ્રબંધો અને વાર્ત્તાઓ તે તે ભાષામાં લખવાનું ચાલુ કર્યું.

આ ઉપરથી જણાશે કે જેમ જેમ સમાજની રૂચિ બદલાતી તેમ તેમ સમાજના જ્ઞાની પુરૂષો તે રૂચિને માન આપીને તેવા સાહિત્ય આળેખી પોતાના જ્ઞાનનો લાભ આપતા. પ્રાચીન ગુજરાતી ભાષામાં આપણા જૈનસમાજનું કેટલું અનુપમ સાહિત્ય પૂર્વાચાર્યોએ લખેલ છે કે જેના માટે આપણને અભિમાન લેવા યોગ્ય છે; વલી તે સમયના રાસાઓ જે લખાયેલ છે, ત્હેની તુલનામાં ઉતરી શકે તેવી એક પણ નવલકથા આપણા આધુનિક સાહિત્યમાં નહિ જણાય. ચંદરાજાનો રાસ, શ્રીપાલરાજાનો રાસ, માધવાનલ કામકંદલા રાસ, સિંહાસનબત્રીસી આદિ અનેક રાસાઓ કે જો ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો તેના આગળ ઉત્તમ નવલકથા પણ નહી ટકી શકે. આ ઉપરથી સમજાય છે કે કથા–સાહિત્ય એ સાહિત્યની અન્ય શાખાઓ કરતાં વિશેષ મહત્ત્વવાળું, સમાજમાં રૂચિકર અને સમાજને સત્યાસત્યનું ભાન કરાવવાનું ઉત્તમ સાધન છે—

આપણે આધુનિકકથાસાહિત્ય તપાસીએ. આપણામાં બે ત્રણ માસિકો નીકળે છે, કેટલાક વિષયો તો અમુક માસિકમાં મહિને મહિને પુનરૂક્ત જેવા જોવામાં આવે છે, કદાચિત્ વાર્તા આપવામાં આવશે તો વસ્તુસંકળના પ્રાચીન હશે તેમ ત્હેની શૈલી પણ પ્રાચીન જોવામાં આવશે, તેમાં નહિ હોય આધુનિક શૈલી કે નહિ હોય રસની જમાવટ. એટલે તેવું કથાસાહિત્ય નિરૂપયોગી નિવડે તેમાં શું આશ્ચર્ય ! માસિકના તંત્રીઓ જો તે તરફ દૃષ્ટિ લંબાવશે તો સમાજમાં જે જીવન સ્ફુરાવવા વિચાર હશે તે સ્ફુરી શકાશે.

વાર્તાઓ પ્રિય હોવાનું કારણ ? હમેશાં સમાજમાં વિદ્વદ્ભોજ્ય વિષયોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીજ્ઞાસુ અલ્પ હોય છે, તાત્વિક વિચારોથી ભરેલો વિષય વાંચતાં તેને કંટાળો આવશે, ધર્મોપદેશ સંભળાવશો તો તેને નિરસ લાગશે, સમાજના કોઇપણ દુર્ગુણનું વિવેચન કરશો તોપણ તેના હ્રદયમાં નહીં ઉતરી શકે પરંતુ તે સર્વે વિષયોને સારી ટુંકી વાર્તા યા નવલકથાદ્વારા આપવામાં આવે તો તુરત સમાજ આકર્ષાય છે. માનવજીવનજ એવું છે કે તે સદા સૌંદર્યતા, રસ અને કળાને વિશેષ પસંદ કરે છે, તેના બાળજીવનને તપાસો બે-ત્રણ વરસનું બાળજીવન હશે ત્યારથીજ તેને ટુંકી ટુંકી વાર્તાઓ રસપ્રદ લાગશે અને પોતાનું ખાવાનું ત્યાગ કરી પણ વાર્તાઓ સાંભળવામાં તન્મય જોવામાં આવે છે અને તુરત તે વાર્તાઓને કંઠાગ્ર કરી લે છે; તેમ તેથી તેને સારાસારનું ભાન થાય છે. બાળક રીસાય છે ત્યારે તેને ટુંકી વાર્તાદ્વારા ગુણ-દોષનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે તો તુરત તે સમજી જાય છે. આ ઉપરથી ખ્યાલ આવશે કે માણસને સારા રસ્તા ઉપર લાવવામાં, તેને તેના જીવનનું ભાન કરાવવાનું, સમાજમાં કયા દુર્ગુણો નાશ કરવા જેવા છે એ વગેરે ટુંકી વાર્તાઓ યા નવલકથાદ્વારા તુરત થઇ શકે તેમ છે.

આપણા સમાજમાં અધુના અનેક દુર્ગુણો પ્રવેશતા જાય છે અને ત્હેના માટે સદુપદુશો અનેક સ્થળે કરવામાં આવે છે, પણ સમાજમાં તે દુર્ગુણો તો પ્રતિદિન વૃદ્ધિગત થતા જાય છે, ત્હેનું કારણ એજ કે ઉપદેશો તેમના ઉપર જોઇએ તેવી અસર કરી શકતા નથી. કારણકે તે નિરસ અને કઠોર હોય છે. પરંતુ તેજ ઉપદેશ વાર્તાઓ દ્વારા આપવામાં આવે તો અત્યુત્તમ કાર્ય બજાવશે, આ ઉપરથી કહેવાનો એવો આશય નથી કે ઉપદેશ એ નિરર્થક છે પરંતુ તે ઉચ્ચ કોટીના પુરૂષો માટે છે અને વાર્તા એ બાળ જીવ આરંભી ઉચ્ચ કોટીના માનવો સુધી ઉપયોગમાં આવી શકે છે.

વાર્તાના લેખકમાં જો કળા વિધાનની અત્યુત્તમ શક્તિ હોય છે તો તે તુરત વાચક વર્ગની લાગણીને જાગૃત કરે છે અને તે દ્વારા સમાજમાં બહાદુરી, ધૈર્ય, જનદયા, પૂર્વની જાહોજલાલી, ન્યાય, સમાજમાં થતો જતો સડો, કર્તવ્ય વગેરે અનેક પ્રકારના વિષયોને કથામાં ઉતારી જનવૃત્તિને તે તરફ દોરે છે.

આપણને કેવી કથાઓની આવશ્યકતા છે તે જોઇએ. અમુક કરવાથી, અમુક વ્રતો પાળવાથી કે અમુક કાર્ય કરવાથી અમુક અમુક મોક્ષ ગયા આપણામાં અનેક કથાઓ વિદ્યમાન છે પરંતુ તે કથાઓમાં બરાબર વાંચનારને રસ જામતો નથી તો હવે કેવી કથાઓની આવશ્યકતા છે તે વિચારવી જોઇએ અને તેવા સાહિત્યને જન્મ આપવા પ્રયત્ન કરવો જોઇએ. અત્યારે અન્ય સમાજ વા દેશમાં સામાજિક નવલ કથાઓ વિશેષ જોવામાં આવે છે અને તે લોકોને પણ વિશેષ ઉપકારક છે, કારણ સંસારમાં અનેક કૂટ પ્રશ્નો હોય છે અને ત્હેમાં તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફસાઇ વિચાર હીન બને છે, તેઓને આવી વાર્તાઓ સંસારમાં માર્ગને સુગમ કરી મૂકે છે એટલે માણુસના જીવનમાં જે જે પ્રસંગો ઉપસ્થિત થતા હોય તે તે પ્રસંગોની નવલ કથાઓ ત્હેમને પ્રીય લાગે છે અને તેજ ગુણદાયી નિવડે છે કારણ જ્યાં સુધી ત્હેમનું જીવનજ ન સુધરે ત્યાં સુધી ત્હેમને ધર્મોપદેશ કંઇ અસર નહિં કરી શકે.

નવલ કથાઓ કેમ લખવી, વસ્તુ સંકલના કેવી હોવી જોઇએ, રસજમાવટ કેમ કરવી, અત્યારે કયો વિષય લોકોને પસંદ આવે તેમ છે, માનવ જીવન, માનવ સ્વભાવ, સૃષ્ટિસૌંદર્યની ગુંથણી કેવી રીતે કરવી વિગેરે વિગેરે વિષયોનો અભ્યાસ કરવો જોઇએ, આપણામાં અનેક લેખકો લખવા પ્રેરાય છે પરંતુ જે વિષય માટે લખવા વિચાર રાખતા હોઇએ તે માટે પ્રથમ જૈનેતરનું સાહિત્ય વાંચવું. વિચારવું અને તે પછી લખવા પ્રયાસ કરવો. કારણ આપણા કરતાં ત્હેમનું સાહિત્ય અનેક રીતે ખેડાયેલું છે તો પ્રથમ તેમના સાહિત્યનો અભ્યાસ કરી પ્રયત્ન કરશું યા લખશું તો જ સમાજને રૂચિકર નિવડશે અને સાહિત્ય વાંચનનો શોખ ઉત્પન્ન કરશે.

નવલ કથા કેમ લખવી, ત્હેની વસ્તુ સંકળના, અને ટુંકી વાર્તાઓની વસ્તુ સંકળના, ભિન્ન ભિન્ન હોય છે તેમ તે લખવામાં પણ ભિન્ન ભિન્ન માર્ગો છે, નવલ કથાના લેખક કરતાં ટુંકી વાર્તાના લેખકમાં વિશેષ કુશળતા હોવી જોઇએ, કારણકે ત્હેને એકજ વિષય ઉપર ટુંકામાં પતાવવાનું હોય છે ત્હેનામાં પાત્ર સંખ્યા પણ ઓછી હોય છે ત્હેમ ત્હેનો વિષય પણ ચાલુ સમાજનો હોય છે એટલે ત્હેનામાં ઉત્તમ કુશળતા હોય તોજ સમાજને આવકાર દાયક નિવડે; નહિ તો ત્હેની શક્તિ નિરર્થક નિવડે છે, માટે તેવા સાહિત્ય લખવા પ્રેરાવા પહેલાં તેનો અભ્યાસ કરવો જોઇએ. આ વિષયમાં જૈનેતરોમાં, નારાયણ હેમચન્દ્રે રણજીતરામ વાવાભાઇએ, ડાહ્યાભાઇ પટેલ વિગેરે અનેક ભાઇઓને અનેક રીતે લખેલ છે તો ત્હેનો જરૂર અભ્યાસ કરવો અને ત્યાર પછીજ લખવા પ્રયાસ કરવો.

સાહિત્યમાં આ પ્રમાણે નૂતન દિશામાં પ્રયત્ન પ્રારંભવામાં આવશે તોજ પ્રથમ દર્શાવેલ અનુસાર પુસ્તક પ્રકાશકોને પુસ્તક પ્રચારનો વિશેષ લાભ થશે અને સમાજમાં સાહિત્ય નથી એમ બોલનારા બોલતા બંધ થશે પણ તે કયારે ? જ્યારે ઉકત પ્રયોગ કર્તવ્યમાં મૂકવામાં આવે ત્યારેજ, ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજીનું જીવનવૃત્તાંત.

( અનુવાદક ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ભાવનગર. )

સકલ પ્રાણી સમૂહને આલ્હાદ ઉત્પન્ન કરવાવાળા, સાંસારિક વિષયોથી આંતરિક દાહથી સંતપ્ત થયેલા આત્માઓને શાંતિ પહોંચાડવાવાળા, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપરત્નોને પોતાના ગર્ભમાં રાખનાર પવિત્ર જૈનધર્મ રૂપ મહાસાગરની આનંદોત્પાદક ભગવતી અહિંસા સ્વરૂપિણી લહેરીઓને અખીલ ભૂમંડળમાં ફેલાવનાર, ભવ્યજન રૂપ કમનીય કુમુદોને વિકસ્વર કરવાવાળા અને પોતાની અપૂર્વ જ્ઞાન જ્યોત્સનાદ્વારા અજ્ઞાનાંધકારથી ઢાંકી દીધેલ ભારત પૃથ્વીને ઉજ્જવલ કરનારા એવા મહા મુનીંદ્ર શ્રી હેમચંદ્રનો પૂજ્નીયદેવી પાહિનીના પવિત્ર ગર્ભથી સંવત ૧૧૪૫ ના કાર્તિક પૂર્ણીમા ( સુદપુનમ ) ના રોજ જન્મ થયો.

જગત્માં જ્યારે જ્યારે ધર્મની કોઈ વિશેષ હાની થતી જાય છે ત્યારે ત્યારે તેની રક્ષા કરવા માટે અવશ્ય કોઇ મહાપુરૂષ-યુગપ્રધાનનો અવતાર થાય છે. એવો પ્રાકૃતિક નિયમાનુસાર જૈન ધર્મને વિશેષ ક્ષીણતા પહોંચવા લાગી, પરસ્પર સાંપ્રદાયિક ઝગડાની જડ જામવા લાગી, વિપક્ષીઓના અનેક પ્રકારના પ્રહાર પડવા લાગ્યા અને જૈનોનો આત્મસંયમ શિથિલ થવા લાગ્યો તે વખતે જૈનસમાજ કોઇને કોઈએક એવી વ્યકિતની અપેક્ષા રાખતી કે પોતાના સામર્થ્યદ્વારા જૈનધર્મ ઉપર આવેલ આ વિપત્તિ રૂપ વાદળને દૂર કરે જે મહાન શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાનના જન્મથી તે ઇચ્છા પૂર્ણ થઇ.

**દીક્ષા**—ચંદ્રગચ્છના મુકુટ સમાન શ્રી **દેવચંદ્રસૂરિજી**એ પોતાના જ્ઞાનબળથી આ વ્યક્તિદ્વારા જૈનધર્મનો મહાન ઉદય થશે તેમ જાણી નવ વર્ષની ઉપરના આ બાળકને સંવત ૧૧૫૪ માં ચારિત્ર રૂપ અમૂલ્ય રત્ન આપ્યું. વાંચનારને કદાચ આ આશ્ચર્ય લાગશે કે આટલી નાની ઉમરમાં સાધુ પોતાની જવાબદારી શું સમજશે ? સાધુ જીવનની કઠિનતા કેવી રીતે સહન કરશે ? તેનો ખુલાસો એટલોજ છે કે મહાપુરૂષોના ચરિત્ર લોકોત્તર હોય છે, કારણ કે તેવા પુરૂષની વય લઘુ છતાં તેમનું સામર્થ્ય બહુજ મ્હોટું હોય છે. તેવા પુરૂષો પોતાના સમકાલીન લાખો મનુષ્યો જેટલી શકિત પોતે એકલા ધરાવી શકે છે. અને તેથીજ જગત્માં તેમની પૂજા તેવાજ અપૂર્વ ગુણોના કારણથી થાય છે. જગતનો ઇતિહાસ ધ્યાનથી જો જોવામાં આવે તો આ વાતના પ્રમાણભૂત ઘણા ઉદાહરણ મળી શકશે.

ભારત વર્ષમાં અનેક એવા મહાપુરૂષ થઇ ગયા છે કે જેણે સાધારણ જનસમાજની ચર્મચક્ષુમાં દેખાતી બાલ્યાવસ્થામાં અપૂર્વ કાર્ય કરેલાં છે. શ્રી શંકરાચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા મહારાષ્ટ્રીય ભક્ત શિરોમણી જ્ઞાનદેવ જેવા સમર્થ પુરૂષોએ પંદર–સોળ વર્ષ જેવી અલ્પ વયમાં ગહનતત્વપૂર્ણભાષ્ય લખી હતી કે જે સમજવાને માટે સાધારણ મનુષ્યોનું આયુષ્ય પૂર્ણ થઇ જાય છે. જૈનાચાર્ય શ્રી અભયદેવસૂરિ, સોમસુંદરસૂરિ આદિ અનેક પુરૂષોએ બાલ્યાવસ્થામાં મહાન પ્રતિષ્ઠીત આચાર્યાદિ પદ પ્રાપ્ત કર્યું હતું. પ્રો૦ પીટરસન આ અલ્પ વયમાં દિક્ષા દેવાવાળી વાત ઉપર લખે છે કે "દેવચંદ્રજીને આ નાના બચ્ચાંને દિક્ષા દઇ પોતાનો શિષ્ય બનાવ્યો આ આશ્ચર્ય જેવું માલુમ પડે છે. પરંતુ તેમાં આશ્ચર્ય થવાનું કાંઇ કારણ નથી. આ પ્રકારની પ્રથા આ દેશમાં તથા અન્ય દેશોમાં પ્રાચીનકાળથી ચાલી આવે છે. પુખ્ત ઉમરવાળાને સાધુ બનાવવા તે નિયમ તો બરાબર છે પરંતુ બીજા સર્વ ધર્મમાં જોશો તો માલુમ પડશે કે આવી રીતે લઘુ વયવાળા ઘણા નવીન આચાર્ય થયેલા માલુમ પડશે.

**વિદ્યાભ્યાસ**—પૂર્વજન્મના સુસંસ્કાર તેમજ ક્ષયોપશમની પ્રબળતાના કારણથી શ્રી હેમચંદ્ર મુનિએ સર્વ સાસ્ત્રનું અધ્યયન કરી પાંડિત્ય પ્રાપ્ત કર્યું. સ્મરણ શક્તિ અને ધારણા શક્તિ ઘણીજ તિવ્ર હોવાથી અલ્પ પરિશ્રમથી અપાર જ્ઞાન સંપાદન કર્યું વિદ્યાભીરૂચિ અતિ તીવ્ર હોવાના કારણથી ભગવતી સરસ્વતી દેવી પ્રસન્ન થઇ સ્વયં પોતે વરપ્રદાન કરવા માટે આવ્યા હતા.

**જિતેન્દ્રિયતા**—હેમચંદ્ર મહારાજનો આત્મસંયમન અને ઇંદ્રિય દમન અત્યંત ઉત્કટ હતું. આટલી લઘુ વયમાં આ પ્રકારની વૈરાગ્ય વૃત્તિનું અસ્તીત્વ હોવું અત્યંત આશ્ચર્યકારક છે. સંસારમાં સર્વથી કઠીન બ્રહ્મચર્યનું પાલન કરવું છે, જેનું વર્ણન સાંભળી રોમાંચ ખડાં થાય છે. એવા ઘોર તપોને અસંખ્ય વર્ષસુધી તપવાવાળા મોટામોટા યોગીઓ આ દુષ્કર નિયમની કઠોર પરિક્ષામાં અનુત્તીર્ણ થઇ ગયા છે તે બ્રહ્મચર્યને પૂર્ણ રૂપથી હેમચંદ્રમુનિએ કેવી રીતે ધારણ કર્યું હતું, તે આ ચરિત્ર અંતરર્ગત પદ્મનીનું વૃતાન્ત વાંચવાથી સારી રીતે સમજાય તેમ છે. ધન્ય છે આ મહાપુરૂષની સત્વ શિલતાને, પૂર્ણ બ્રહ્મવૃત્તિને 'નિર્વિકાર' દ્રષ્ટિને અને ઉત્કૃષ્ટ યોગીપણાને.

અહો ! કેટલી જિતેન્દ્રિયતા, કેવી મનોગુપ્તિ, કેટલું મોટું દ્રઢ સંકલ્પ બળ ખરી વાત છે કે આવા પ્રકારના સત્ત ચરિત્ર વિના અદ્દભૂત વિદ્યાઓ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ! તેમજ જગતનું ભલું પણ કઇ રીતે થઇ શકે. આ મહાત્માના બ્રહ્મતેજથી કોયલાના ઢગલા પણ સુવર્ણમય થઇ જતા હતા.

**આચાર્ય પદ**—આ પ્રકારે હેમચંદ્રમુનિના જ્ઞાનબળ અને ચારિત્ર બળની ઉત્કૃષ્ટતાનો પ્રવાહ શ્રી સંઘમાં સર્વત્ર પ્રસરી ગયો અને જૈન ધર્મની વિજય પતાકા થોડા સમયમાં આખા ભુમંડળમાં ઉડવા લાગશે એવા પ્રકારની સંઘમાં આનંદવાર્તા પ્રવર્તવા લાગી. સંઘના આગ્રહથી તથા શાસનના મહિમાની વૃદ્ધિને માટે ગચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિપતિ **શ્રી** દેવચંદ્રસુરિએ **શ્રી** નાગપુર નગરમાં સંવત ૧૧૬૨ ની સાલમાં હેમચંદ્ર મુનિને આચાર્યપદ અર્પણ કર્યું.

**શાસન ઉદ્ધાર કરવાની પ્રતિજ્ઞા**—જ્યારે પોતાને આચાર્યપદ પ્રાપ્ત થયું અને જેવી ધર્મની ધુરા પોતાની કાંધ પર રાખવામાં આવી ત્યારે શાશનની સ્થિતિ દેખીને પોતાના મનમાં અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન થવા લાગ્યા. જૈન ધર્મનો ઉદ્ધાર અને પ્રચાર જગતમાં કેવી રીતે થાય તે વાત, દીવસ અને રાત મનમાં ધુમવા લાગી. હરેક ઉપાયથી પરમાત્માના શાશનની વિજયવંતી પતાકા એકવાર ફરીથી ભારત વર્ષમાં ફરકવી જોઇએ એવા પૂર્ણ ઉત્સાહની સાથે દ્રઢ સંકલ્પ કર્યો. જ્યાં સુધી કોઇ રાજા મહારાજા આ ધર્મના નાયક ન થાય ત્યાં સુધી આ સંકલ્પ સિદ્ધ થવો મુશ્કેલ છે એવો વિચાર કરી, કોઈ રાજાને પ્રતિબોધ કરવાને માટે મંત્રારાધન કરી દેવતા પાસે વરદાન માગ્યું તેમના પ્રબળ મનોબળથી સંતુષ્ટ થઇને દેવે ઇપ્સિત વરદાન આપ્યું.

**ગુર્જરપતિ સિદ્ધરાજનો સમાગમ**—વિવિધ દેશમાં વિહાર કરતાં તેમજ ઉપદેશામૃત દ્વારા અનેક ભવ્ય જીવને પ્રતિબોધ કરતા ક્રમથી ગુજરાતના રાજ્ય નગર અણહિલપુર પાટણમાં પ્રવેશ કર્યો, તે વખતે મહારાજા સિદ્ધરાજ જયસિંહ ત્યાં પ્રજાપ્રિય રાજા હતો. ધીમેધીમે આખા શહેરમાં અને રાજ દરબારમાં તેમની વિદ્વતાની ખ્યાતી થવા લાગી. જે સાંભળી મહારાજ સિદ્ધરાજ આચાર્ય મહારાજશ્રીના દર્શન કરવા માટે ઉત્કંઠીત થયા. પ્રસંગવશાત એક દિવસ આચાર્ય મહારાજનો સમાગમ થતાં આચાર્ય મહારાજની વિદ્વતા અને સતુચરિત્ર ઉપર રાજા મુગ્ધ થયો અને વિનંતી કરી કે, આપ કૃપા કરીને નિરંતર અહીં રહો અને ધર્મોપદેશ દ્વારા અમને સન્માર્ગ બતાવો. રાજાની તે વિનંતિનો સ્વીકાર કર્યો અને રાજાની ઇચ્છાનુસાર નિરંતર રાજ્ય સભામાં આચાર્ય મહારાજનું આવાગમ થવા લાગ્યું અને નાના પ્રકારની તત્વચર્ચા થવા લાગી. દેશ દેશાન્તરથી અનેક મતના વિદ્વાનો પોતાની વિદ્વતાનો પરિચય આપવા માટે સિદ્ધરાજની સભામાં આવવા લાગ્યા અને તે તમામની સાથે હેમચંદ્રાચાર્ય વાદવિવાદ કરી પોતાનો જય કરવા લાગ્યા.

**જૈન ધર્મમાં અટલ શ્રદ્ધા**—પોતાનો આત્મા જૈન ધર્મમાં પૂર્ણ રંગાઇ ગયો હતો, આર્હત ધર્મ ઉપર અટલ શ્રદ્ધા હતી જેથી જૈનધર્મની જયધ્વનિ સર્વત્ર ફેલાવવા માટે જો રસાતળમાં જવું પડે તો પોતે ત્યાં જવાને માટે તૈયાર છે તેવા પ્રકારનો જૈન ધર્મ ઉપર પોતાનો જે વિશ્વાસ હતો તે ધાર્મિક મોહજન્ય નહોતો પરંતુ જૈન ધર્મની સત્યતાને કારણ હતો. પોતે મહાવીર પ્રભુની સ્તવના કરતાં એક વખત પોતે કહેલું કે હે વીર ! કેવળશ્રદ્ધા-અંધ શ્રદ્ધાથી તારામાં અમારો પક્ષપાત છે તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ દ્વેષ માત્રથી અન્યમાં અમારો અનાદર છે એમ નહિ, પરંતુ પરિક્ષા પૂર્વક અમારો આ વ્યવહાર છે. જૈન ધર્મનાં સિદ્ધાંન્તોને પોતે અખંડનિય સમજતા હતા અને પોતાના જ્ઞાનબળથી તેની અખંડનિયતા સમસ્ત વાદિઓની સામે અકાટ્ય પ્રમાણોદ્વારા નિડરપણે સિદ્ધ કરતા હતા, તેવી રીતે સ્તુતિમાં પોતે એક ઠેકાણે કહ્યું છે કે–"પ્રતિપક્ષીઓની સન્મુખ મોટી ગર્જના કરીને કહું છું કે જગતમાં વિતરાગ જેવા અન્ય કોઇ દેવ નથી અને સ્યાદવાદ જૈનધર્મ સિવાય કોઈ તત્ત્વ નથી.

**નિષ્પક્ષપાતપણું**—ઉપર કહેવામાં આવ્યું છે તેમ આચાર્ય મહારાજની ધાર્મીક શ્રદ્ધા પક્ષપાત પૂર્ણ નહિ પરંતુ તાત્ત્વિક હતી, તેનું પ્રમાણ સિદ્ધરાજે જે વખતે તેઓને પુછયું કે જગતમાં કયો ધર્મ સંસારથી મુક્ત કરવાવાળો છે ? તેના ઉત્તરમાં પોતે પુરાણાન્તર્ગત સંખ્યાખ્યાનનો અધિકાર સંભળાવ્યો હતો અને ધર્મ ગવેષણાને માટે જે નિષ્પક્ષપાત ભાવ પ્રગટ કર્યો છે તે તેમના જીવનના નિષ્કર્ષનું એક અસાધારણ ઉદાહરણ છે. તે પ્રસંગ તેમના જીવનને માટે અત્યંત પવિત્ર સિદ્ધ થયેલ છે. પ્રોફેસર પીટરસન આ વિષયમાં લખે છે કે "સિદ્ધરાજને ધર્મ સંબંધી જે શંકા થતી, તે અન્ય આચાર્યની માફક જૈનાચાર્ય હેમચંદ્રને પણ પુછતા હતા. જ્યારે અન્ય આચાર્યો રાજાનું મન સંતુષ્ટ કરી શકે એવા જવાબ નહી દઈ શક્તા હતા ત્યારે હેમચંદ્રાચાર્ય અનેક દ્દષ્ટાંતોદ્વારા એવો રમણીય ઉત્તર દેતા હતા કે, જેથી સિદ્ધરાજનું મન ખુશ ખુશ થઇ જતું હતું. એક વખત સિદ્ધરાજના મનમાં એવી શંકા થઈ કે જગતમાં મનુષ્ય સ્થાન કેવું છે ? તથા મનુષ્યનો ઉદ્દેશ શું છે અને તે શી રીતે પ્રાપ્ત થઇ શકે ? જુદા જુદા અનેક ધર્માચાર્યની પાસે રાજાએ જવાબ માગ્યો પરંતુ કોઇએ સંતોષકારક જવાબ ન દીધો અને સર્વ ઉત્તર દેતીવખતે પોતાનો મત શ્રેષ્ટ બતાવી અન્ય ધર્મની નિંદા કરી. છેવટે સિદ્ધરાજે નિરાશ થઈને શ્રી હેમચંદ્રાચાર્યની પાસે ખુલાસો માગ્યો ત્યારે તેઓએ એક ઘણું સરસ દ્દષ્ટાંત આપી સિદ્ધરાજની શંકાનું નિવારણ કર્યું. સિદ્ધરાજ તે જવાબ સાંભળી ઘણો ખુશી થયો. હેમચંદ્રાચાર્યના આ નિષ્પક્ષપાતપણા ઉપર પ્રો૦ પીટરસન પોતે પણ ઘણો આશ્ચર્ય ચકિત થયો છે.

—ચાલુ.

## ગ્રંથાવલોકન.

**"વીર શિરોમણી વસ્તુપાળ કિંવા પાટણની ચડતી પડતી"** આ ઐતિહાસિક જૈનગ્રંથનો પ્રથમ ભાગ અમોને જૈન પત્રના રા. અધિપતિ તરફથી અભિપ્રાય માટે મળેલ છે, જૈનધર્મની પ્રાચીનતા, ગૌરવતા વગેરે બતાવનાર પ્-

For Private And Personal Use Only

માણો જૈન ઇતિહાસ છે અને તેથી કેટલાક વખતથી જૈનપત્રના રા. અધિપતિ પોતાના પત્રના ગ્રાહકોને તેવા ગ્રંથો પ્રસિદ્ધ કરી ભેટ આપે છે તેથી તેઓ સાહિત્યની સેવા બજાવે છે એમ કહી શકાય છે. આ ઈતિહાસિક વાર્તાના નાયક વસ્તુપાળ જેવા સમર્થ પૂર્વ પુરૂષોના ઈતિહાસ પ્રકટ કરવાનો હેતુ, વસ્તુસ્થિતિનું ખરૂં ભાન જૈનકોમને થઇ શકે અને કર્તવ્ય પરાયણ તેવા ધર્મ સ્તંભોને જૈન સમાજ પીછાની માત્ર ક્રિયા એકલામાંજ મશગુલ નહીં રહેતા જ્ઞાન યાને સમયને ઓળખતા શીખી, સમાજ અને દેશ સર્વ પ્રત્યે કર્તવ્ય પરાયણ બને. આવા પૂર્વ ઈતિહાસના વાંચનથી સમાજમાં નવું ચૈતન્ય વિકસતું હોવાથી આ ગ્રંથની પ્રસિદ્ધિ આવકારદાયક ગણીએ છીએ. આખો ગ્રંથ વાંચવા જેવો છે. તે માટે પ્રકાશકને એટલી નમ્ર સૂચના કરીએ છીએ કે આ આખો ગ્રંથ પ્રકટ થયો હોત તો વાચકને પૂર્ણ રસ મળત-છતાં કેટલાક સંયોગો વચ્ચે જ્યારે આવતે વર્ષે ભેટ તરીકે બાકીનો ભાગ આપવાના હોવાથી વાચકે તે રસ પૂર્ણ મેળવવા હવે પછી તૈયાર રહેવું.

# વર્તમાન સમાચાર.

## માઉન્ટ આબુ ખાતે જૈન ડેપ્યુટેશન.

## રજપુતાનાના એજંટની લીધેલી મુલાકાત.

### યાત્રાળુઓની હાડમારીનો અંત આવવાનો સંભવ.

હિંદુસ્થાનમાં આવેલા ઉત્તમોત્તમ કારીગીરીના પુરાતન મકાનોમાં માઉન્ટ આબુપર આવેલાં જૈન મંદિરોની યાત્રાએ જતાં જૈન લોકોને તે મંદિરોએ પહોંચતા રસ્તાની ઘણી હાડમારી કેટલાંક વરસોથી વેઠવી પડે છે, અને કેમ્પમાં થઇને જવા ન દેતા હોવાથી ઘણા વાંકાચુંકા ઉજડ પહાડી ઉંચા નીચા રસ્તાથી ચાલીને જવું પડે છે. કેમ્પમાં જનારાઓને મોટરોની સગવડ મળે છે, જ્યારે ઘણા ઘણા દુર દુર ગામોથી આવેલા યાત્રાળુઓને બળદગાડાંઓની સગવડ પણ મળતી નથી, અને પોતાનો સામાન વિગેરે સાથે પગે ચાલીને બે માઇલનો પંથ કાપવો પડે છે. આ અડચણ દુર કરવા માટે રજપુતાનાના નામદાર એજંટ ટુ ધી ગવર્નર જનરલ સાથે જૈન કોમની જુદી જુદી સંસ્થાઓએ પત્રવ્યવહાર ચલાવ્યો હતો, અને ના. એજંટને પણ એમ લાગ્યું હતું કે એ સવાલનો નિવેડો લાવવો જોઇએ, અને તે માટે તેમણે એક જૈન ડેપ્યુટેશન સાથે વાટાઘાટ કરવા ઇચ્છા દર્શાવી હતી. આ સંબંધી અત્રેની ધી જૈન એસોસીએશન ઓફ ઈન્ડીયાએ પણ પત્રવ્યવહાર કર્યો હતો, અને તેના જવાબમાં ના. એજંટે તા. ૧૨-૪-૨૨ ના રોજ માઉન્ટ આબુ ખાતે જૈન ડેપ્યુટેશનને મળવા નક્કી કરી જણાવ્યું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મુજબ નક્કી થયેલી તારીખે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ. શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા, ધી કલકત્તા ઓમ્બે જૈન સભા, તથા શ્રી શીરોહી જૈન પંચ વગેરેના પ્રતિનિધિઓનું બનેલા એક ડેપ્યુટેશને તા. ૧૨-૪-૨૨ ને બુધવારે બપોરે માઉન્ટ આબુ રેસીડન્સીમાં ના. એજંટ ટુ ધી ગવર્નર જનરલ ધી ઓનરેબલ મી આર. ઇ. હોલેન્ડની મુલાકાત લીધી હતી. જે વખતે ના. એજંટે ડેપ્યુટેશનના ગૃહસ્થોનો સારો સત્કાર કર્યો હતો. ડેપ્યુટેશન તરફથી શેઠ કસ્તુરભાઇ નગરશેઠ, શેઠ માણેકલાલ મનસુખભાઈ તથા શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરીએ યાત્રાળુઓની હાડમારી વિગેરેનો સવાલ ના. એજંટ સાથે લગભગ સવા કલાક ચર્ચ્યો હતો, અને તેના પરિણામે ના. એજંટે યાત્રાળુઓને આબુરોડ સ્ટેશન ઉપર ડાકટરી સત્તાવાળા તરફથી અપાતા યાત્રાળુ પાસમાં ફેરફાર કરવા માટેના સવાલ ઉપર સ્થાનિક સત્તાવાળાઓ સાથે વિચાર કરી પુરતું લક્ષ આપવા કબુલ્યું હતું. આ ફેરફાર એવા પ્રકારનો કરવા માટે માગણી કરવામાં આવી છે કે જેથી યાત્રાળુઓ કેમ્પને રસ્તે દેલવાડા જઇ શકે અને તેમને દશ દિવસની જે ડાકટરી તપાસ હાલ કરાવવી પડે છે તે કરાવવી પડે નહીં. આ ઉપરાંત યાત્રાળુઓનાં બળદગાડાંઓ કેમ્પના રસ્તેથી જવા દેવાના સવાલ ઉપર સ્થાનિક સત્તાવાળાઓ સાથે વિચાર ચલાવી નક્કી કરવાનું તેમણે કબુલ્યું હતું.

યાત્રાળુઓ આબુ રોડથી નીકળીને આબુ કેમ્પ આગળ કદાચ મોડા વહેલા આવે તો તેમને જો વિસામાની જરૂર હોય તો તે માટે કેમ્પના નાકા આગળ એક ઉતારો બાંધવા માટે જમીનનો ટુકડો આપવા તેમણે કબુલાત આપી હતી.

ત્યારબાદ તેમણે આબુ કેમ્પના નાકાથી તે ઠેઠ દેલવાડા સુધી એટલે કે જ્યાં મંદિરો આવેલાં છે તે નજદીક સુધી એક મોટો નવો રસ્તો હાલ જે યાત્રાળુઓનો રસ્તો છે તેજ રસ્તે બાંધવા માટેની સરકારી યોજના સમજાવી હતી, અને જણાવ્યું હતું કે તે રસ્તો થવાથી યાત્રાળુઓ ઠેઠ મંદિરો નજદીક મોટર લોરીસોમાં જઈ શકે. આ રસ્તા માટે રૂા. એક લાખનો ખર્ચ થવાનો અડસટો છે, અને તેમાં જૈન કોમના ફાળા માટે માગણી કરી હતી, જેના જવાબમાં ડેપ્યુટેશન તરફથી જણાવવામાં આવ્યું હતું કે એ સંબંધી વિચાર કરી જણાવવામાં આવશે. ત્યારબાદ ડેપ્યુટેશનના ગૃહસ્થો ના. એજંટ સાથે શેકહેન્ડ કરી વિદાય થયા હતા.

# પ્રકીર્ણ.

આ શહેરમાં સામાજિક—[illegible] જનિક સ્થાપન થયેલી શ્રી દક્ષિણામૂર્તિ બોર્ડીંગને અંગે જન્મ પામેલ શ્રી બાળમંદી[illegible] બંધાયેલ મકાનનું વાસ્તુ ( પ્રવેશ મુહૂર્ત ) વૈશાક શુદ ૮ ગુરૂવારના રોજ મહાત્મા શ્રી ગાંધીજીના ધર્મ પત્ની શ્રીકસ્તુરબાના સ્વહસ્તે કરવામાં આવ્યું હતું. આ મકાનના બાંધકામ માટે રૂપૈયા વીશ હજારની રકમ આ શહેરના જૈન ગૃહસ્થ અને આ સભાના સભાસદ શેઠ હીરાલાલ અમૃતલાલે ભેટ આપી હતી. અને શ્રીયુત કસ્તુરબાને આમંત્રણ પણ તેમના તરફથી કરવામાં આવ્યું હતું. પોતાના પૂજ્ય પતિના પરોપકારી આદરેલા સ્વરાજ્ય અને સ્વદેશી પ્રચારના મહાન કાર્યો (તેઓશ્રી) મહાત્મા ગાંધીજી જેલમાં સિધાવ્યા બાદ તેમના ધર્મ પત્ની કસ્તુરબા યથાશક્તિ લાગણીપૂર્વક બજાવે જાય છે. ઉપરોક્ત સંસ્થામાં દરેક ધર્મના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અપાય છે, અને તે બનવાજોગ એટલા માટે છે કે નિસ્વાર્થ વૃત્તિએ આત્મ-ભોગ આપનાર તેના આત્માઓ ભટ્ટ નૃસીંહપ્રસાદભાઇ વગેરે જેવા મળી ગયા છે. કોઇ પણ સંસ્થાને આદર્શ બનાવવી હોય તો તેવા આત્મ સમર્પણ કરનાર મનુષ્યોનીજ જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળમંદીર તેને અંગે નાના બાળકોને પદ્ધતિસર શિક્ષણ આપવાનીજ એક શિક્ષણ શાળા સ્થાપવામાં આવેલી છે. આ સંસ્થાના મકાનનો પ્રવેશ મહોત્સવ કરવા શ્રી કસ્તુરબા સાથે અનેક વિદ્વાન પુરૂષો ( સ્વરાજ્યના હિમાયતીઓ ) પધાર્યા હતા. બે દિવસ સુધી આ શહેરના મોટા રસ્તા ઉપર જાહેર ભાષણો સ્વરાજ્ય અને સ્વદેશી વસ્તુ (ખાદી) પ્રચાર માટે આવેલ મહેમાનો તરફથી કરવામાં આવ્યા હતા. પ્રજાનો ઉત્સાહ સારો હતો.

હિંદની સમગ્ર પ્રજાએ તો હવે સમજવાનું છે કે, હિંદુસ્તાનમાં શુમારે સાતલાખ ગામના ઘણા મનુષ્યો આજીવિકા ( રોજી ) ના સાધન વગર રખડે છે અને પેટનું પોષણ પણ મુશ્કેલીએ કરી શકે છે. ખાદીનો પ્રચાર વધવાથી હિંદુસ્તાનની એક છેડાથી બીજા છેડા સુધી તમામ પ્રજા અત્રેથી કાંતેલ અને હાથ વણાટથી તૈયાર થયેલ ખાદી વાપરવા શરૂ કરે તો તેટલી વપરાશ માટે અનેક-લાખો કરોડો મનુષ્યો જે ધંધા વગર રખડે છે અને ખાવા પુરતું મળતું નથી ( અને તેથી જે ચોરી, ધાડ, લુંટ વગેરે અનેક ગુન્હાઓ બને છે તે બંધ થતાં તેઓ ધંધે વળગે, રોજી મળે ભરણ પોષણ પણ થાય તેટલુંજ નહીં પરંતુ દર વર્ષે કાપડ નિમિત્તે જે કરોડો રૂપૈયા પ્રદેશમાં જાય છે તેટલો તો આર્થિક લાભ અવશ્ય હિંદને-હિંદની પ્રજાને થાય; જેથી બીજી બધી બાબતો કરતાં ખાદી પ્રચાર જેમ વધે, ભારતવાસી તમામ પ્રજા હોંશે વાપરતા શીખે, બીન ધંધાર્થીની રોજી ચાલે, અને દેશનો પૈસો દેશમાં રહે તેવા ઉદ્યોગ હુન્નર વધારી તેમાં અનેક ચીજો ઉત્પન્ન કરી હિંદની પ્રજા તેવી ચીજો વાપરે તેમ પ્રયત્નો થવા જરૂર છે.

---

## શહેર ભાવનગર-વડવામાં પ્રતિષ્ઠા મહોત્સવ.

આ શહેરના વડવા વિભાગમાં મુખ્ય દેરાસર શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું છે, તેની સામે શ્રી નેમિનાથ પ્રભુને એક નાના દેવાલયમાં બિરાજમાન પ્રથમ કરવામાં આવેલા હતા, સદરહુ જીનાલયનો જિર્ણોદ્ધાર.(રીપેર સુશોભિત) કરી ફરી ત્યાંજ શ્રી નેમિનાથ પ્રભુને વૈશાક વદી ૭ ગુરૂવારના રોજ પ્રતિષ્ઠીત કરવાનું નકી થયું છે અને તે માટે અઠ્ઠાઇ મહોત્સવ પણ શરૂ થયેલ છે. મૂળ નાયકજી શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા રૂ. ચાર હજાર આપી આ સભાના લાઇફ મેમ્બર અને મૂળ ગોઘાના વતની શેઠ રતનજી જેચંદના સુપુત્ર ભાઈ પરમાનંદદાસ રતનજી કરવાના છે, તે નિમિત્તે સાથે અઠ્ઠાઇમહોત્સવ, શાંતિસ્નાત્ર અને સ્વામીવાત્સલ્ય પણ ઉક્તબંધુના તરફથી કરવાનું છે, અમો તેમાટે અમારો આનંદ જાહેર કરીએ છીએ; સાથે એટલું પણ કહેવા સુચના કર્યા વગર નથી રહી શકતા કે, જેમ આ કાર્ય આત્મકલ્યાણનું ગણી મોટી રકમનો ખર્ચ કરવામાં આવ્યો તેની સાથે આ વખતેજ સ્વદેશી વસ્ત્રના ફેલાવા માટે કે સ્વદેશી હીલચાલ માટે, કોમ કે જ્ઞાતિના મનુષ્યના ઉદ્ધાર કે ઉત્તેજન માટે પણ યોગ્ય રકમ આપી સાથે તેવા આત્મકલ્યાણમાં વધારો કરવાની ખાસ આવશ્યકતા ધ્યાનમાં લઇ કાંઇ કરશે એમ અમો સુચવીએ છીએ.

---

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વિકારવામાં આવે છે.

૧ વિવિધ પૂજા સંગ્રહ—શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી—અમદાવાદ.

૨ મહાવીર શાસન હિંદિ }
૩ ઉત્તમકુમાર ચરિત્ર ,, } શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી-અંબાલા-પંજાબ
૪ અકબર ઔર જૈન ધર્મ ,, }

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## બંધુ ખોડીદાસ ધરમચંદનો સ્વર્ગવાસ.

આ સભાના માનનીય, પરમ લાગણીવાળા સભાસદ અને ધર્મિષ્ઠ બંધુ ખોડીદાસ ધરમચંદ કેટલાક વખતથી ચિતભ્રમના વ્યાધિ પીડાતા વૈશાક શુદ ૮ ગુરૂવારના રોજ અકસ્માત રીતે પંચત્વ પામ્યા છે. તેઓ સરલ હૃદયના, મીલનસાર અને પરગજુ હતા. નિસ્વાર્થ વૃતિથી અનેક સંબંધીઓના કાર્યોમાં ભાગ લેતા હતા. ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા અને ખરેખરા ગુરૂ ભક્ત હતાં, આ સભા ઉપર તેમનો અનન્ય પ્રેમ હતો, સભાની દિવસાનુદિવસ થતી ઉન્નતિ દેખી પરમ આનંદ પામતા હતા. તેમના સ્વર્ગવાસથી તેમના પરિચિત દરેક મનુષ્યને ખેદ થાય તેમ છે. આ સભાને તો તેમની ખરેખરી ખોટ પડી છે, જેથી આ સભા અંતઃકરણપૂર્વક પોતાની દીલગીરી જાહેર કરે છે. તેવા ભોળા હૃદયના તે સ્વર્ગવાસી બંધુના પવિત્ર આત્માને અખંડ અને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ, તેમ ઇચ્છીએ છીએ.

---

## પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો, રૂા. ૩-૮-૦

પ્રાચિન જૈન લેખ સંગ્રહ ભાગ ૧લાની નકલો કેટલાક મહાશયો હવે તદ્દન થઇ રહ્યા બાદ મંગાવે છે. પ્રાચીન શોધખોળના ગ્રંથો તુરતમાંજ ખપી જતા હોવાથી પાછળથી અમારે ના લખવી પડે છે, જેથી બીજા ભાગ માટે પણ નિરાશ ન થવું પડે. માટે તાકીદે મંગાવી લેવા વિનંતિ છે. પોસ્ટ ખર્ચ જુદો.

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ ષટ્સ્થાનક સટીક.
૭ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૮ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૯ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૦ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૧ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૨ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૪ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૫ શ્રી મંડલપ્રકરણ, શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
૧૬ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૭ ગુણમાળા (ભાષાંતર) શેઠ ફુલભાઇ દેવાજી રે. કરચલીયા-નવસારી.
૧૮ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૯ દાનપ્રદીપ ”
૨૦ સંબોધ સિત્તરી શ્રી તખતગઢના જૈન ગૃહસ્થો તરફથી.
૨૧ ધર્મરત્ન ”
૨૨ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૩ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૨૪ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.
૨૫ પ્રભાવિક ચરિત્ર ભાષાંતર.

નંબર ૧૮-૧૯-૨૧-૨૨-૨૩-૨૪ ૨૫ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતઃકરણનો અવાજ.

"જેને મનુષ્ય તરીકે-ખરેખરા નર તરીકે ગણાવું છે તેણે તો મત-ભિન્નત્વ ગ્રહણ કરવું જોઇએ. જેને અમર કીર્તિનું છત્ર ઓઢવું છે, તેણે માત્ર ભલભલાઇના નામથી જ થોભવાનું નથી, પણ ખરી ભલાઇ ક્યાં રહેલી છે તે તેણે શોધવાનું છે. તમારા પોતાના નિર્મળ અંતઃકરણની શુદ્ધતા કરતાં વધારે શુદ્ધ બીજું કાંઇ નથી. તમારા પોતાનાંજ અંતઃકરણની વૃત્તિને માર્ગ આપો, અને પછી દુનિયા એની મેળેજ તમને આશ્રય આપશે. આપણાં પોતાનાં અંતઃકરણમાં જે સત્ય લાગે તેજ આપણો કાયદો; અને તેના કરતાં વધારે પવિત્ર કાયદો તમને મળવાનો પણ નથી. સારૂં કે નરસું-એ તો માત્ર નામ છે. એ નામ ઘડીકમાં લોકો આને આપે અને ઘડીકમાં એને આપે. મારા પોતાના અંતઃકરણને અનુસાર તેજ ખરૂં-તેની વિરૂદ્ધ તે સર્વ ખોટું. સંસારની સર્વ વિરૂદ્ધતાની વચ્ચે થઇને માણસ ચાલ્યો જવો જોઇએ; પોતાનું અંતઃકરણ શુદ્ધ બુદ્ધિથી જે માને છે તે સિવાય સઘળી ચીજો માત્ર નામની અને ક્ષણિક છે એવો દૃઢ વિશ્વાસ તેને હોવો જોઇએ. માત્ર મોટાં નામથી અને સત્તાથી આપણે કેવા સહેલાઇથી અંજાઇ જઇએ છીએ-એ જોઇ આપણે અંતઃકરણમાં શરમાઇ જઇએ છીએ. દરેક દેખીતા ભલા અને આબરૂદાર માણસથી આપણે અંજાઇ જઇએ છીએ; અને જો કે એમનાં અંતઃકરણ અંદરથી કાળમીંઢ પત્થર જેવાં કઠણ અને નિર્દય હોય છે, તથાપિ તેમના ઉપલક વિવેકથી આપણે ભોળવાઇ જઇયે છીએ અને ઘડીક મન નિર્બળ બની જાય છે; પરંતુ આપણે સીધા અને અક્કડ થઇ ચાલવું જોઇએ, અને જેવું હોય તેવું તેને મોંહેજ કહી દેવું જોઇએ. સાર્વજનિક લાગણીના જૂઠા ડગલા નીચે રહેલા હરામી અને બદદાનતવાળા અંતઃકરણને આપણે એમને એમ જવા દેવું ? જેવું હોય તેવું તેને કહી દેવામાં હરકત શી છે ? સાચાને સાચો, જૂઠાને જૂઠો અને હરામીને હરામીજ કહેવો. સાચું બોલવાથી કદાચ કોઇને માઠું લાગશે, તોપણ તમારાં સત્યને તો કલંક નહિ આવે ! તમારો સખ્ત પણ સાચો આવકાર કદાચ તેમને અપ્રિય થઇ પડે, તોપણ આડંબર કરતાં સત્ય વધારે સુંદર છે. તમારા હૃદયની સરળતાને થોડીક તીક્ષ્ણ ધાર પણ હોવી જોઇએ, નહિતો એ સરળતાજ નથી એમ સમજજો. પ્રેમ અને ધિક્કારનાં સૂત્રોને ગાઢ સંબંધ ન હોવો જોઇએ. જ્યાં પ્રેમ હોય ત્યાં ધિક્કાર નજ હોય, અને જ્યાં ધિક્કાર હોય, ત્યાં પ્રેમનો વાસ ન હોઇ શકે. જ્યાં બન્નેનો સંયોગ હોય ત્યાં અંતઃકરણની વિશુદ્ધતા નથી એમ સમજવું. જ્યારે આપણે આપણું કર્તવ્ય બજાવવાનું હોય ત્યારે તો માબાપ, ભાઇ ભાંડું કે બૈરી કે કોઇની દરકાર ન હોવી જોઇએ. લોકો તમને સ્વેચ્છાચારી કહેશે, લોકો તમને સ્વચ્છંદી કે તોરી કહેશે તો તેથી શું થઇ ગયું ? અમુક મંડળમાં પ્રવેશ કરવાની મારી રૂચિ શામાટે થાય છે, અને અમુક મંડળને હું શામાટે તરછોડું છું, તે વિષે મને કોઇ પૂછશો નહિ. હું મારા અંતઃકરણના અવાજ અનુસાર કર્યે જાઉં છું, તેમાં કોઇએ વચ્ચે પડવાની જરૂર નથી. મારે હાથે કોઇનું સારૂં થાય તો તે પણ મને જણાવવાની જરૂર નથી. મારા અંતઃકરણને જે ઠીક લાગે છે તે હું કર્યે જાઉં છું."

એમર્સનના નિબંધોમાંથી.

For Private And Personal Use Only